CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭૩
તા.૧૧-૧૧-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ કારતક વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૯ સૂર્યાસ્ત : ૦૫:૫૯

તાપમાન
ડીસા ૩૪.૦
અમદાવાદ ૩૩.૧
ગાંધીનગર ૩૩.૫
વડોદરા ૩૩.૯
સુરત ૩૪.૬
નલિયા ૩૩.૮

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૩૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# ૧૭૭ વસ્તુઓ પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડી ૧૮ ટકા કરાયો

## જીએસટી કાઉન્સિલની બેઠકમાં લોકોને મોટી રાહત આપવા નિર્ણય : ચોકલેટથી લઈને ડિટર્જેન્ટ સુધી સામાન્ય ઉપયોગમાં આવનાર વસ્તુઓ પર ટેક્સ ઘટાડીને ૧૮ ટકા કરાયો : ૨૮ ટકાના સ્લેબમાં હવે માત્ર ૫૦ વસ્તુઓ

ગુવાહાટી

અનેક પ્રકારની અપેક્ષાઓ અને આશાઓ વચ્ચે યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ધારણા પ્રમાણે જ ૧૭૭ વસ્તુઓ ઉપર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ૨૮ ટકા ટેક્સની હદમાં આવનાર ૧૭૭ ચીજવસ્તુઓ ઉપર ટેક્સ ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આજે જીએસટી કાઉન્સિલની બેઠક બાદ જીએસટી પરિષદના અતિ મહત્વના સભ્ય અને બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણયો લેવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણય બાદ હવે માત્ર ૫૦ વસ્તુઓ જ ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાં રહી ગઈ છે. તેમણે કહ્યું હતું કે, જીએસટી પરિષદે ૨૮ ટકાના કર કરવેરામાં મોટાભાગની લકઝરી, બિનજરૂરી અને અહિતકર વસ્તુઓને જ રાખી છે. પહેલા ૨૮ ટકાના જીએસટી સ્લેબમાં ૨૨૭ વસ્તુઓ હતી જે હવે ૫૦ થઈ ગઈ છે. જીએસટી પરિષદે આજે પોતાની ૨૩મી બેઠકમાં ૧૭૭ વસ્તુઓ ઉપર કરવેરામાં ઉલ્લેખનીય ઘટાડો કરી દીધો હતો. વિરોધ પક્ષો દ્વારા ભારે હોબાળો હાલમાં મચાવવામાં આવ્યો હતો. કેટલાક વિપક્ષી શાસિત રાજ્યો દ્વારા વ્યાપક ઉપયોગવાળી વસ્તુઓને ૨૮ ટકાની કરવેરાની જાળમાંથી બહાર કાઢીને તેને નીચેના સ્લેબમાં લાવવાની વાત કરી રહ્યા હતા. વધુ ઉપયોગવાળી ચીજવસ્તુ ઓને ૨૮ ટકાના સ્લેબમાં રાખવાનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. દરો નક્કી કરનાર ફિટમેન્ટ સમિતિએ ૨૮ ટકાના સ્લેબમાં આવનાર વસ્તુઓની સંખ્યાને ઘટાડીને ૬૨ કરવાની ભલામણ કરી હતી જ્યારે જીએસટી કાઉન્સિલે વસ્તુઓની સંખ્યાને ઘટાડીને ૫૦ કરી દીધી છે. દેશમાં નવી વ્યવસ્થા જીએસટી પહેલી જુલાઈના દિવસે અમલી કરી હતી જેમાં પાંચ કરવેરા સ્લેબ ૦, ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના રેટ નક્કી કરવામાં આવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ૨૮ ટકાના કર સ્લેબમાં ૨૨૭ વસ્તુઓ હતી. ફિટમેન્ટ સમિતિએ તેમાં સંખ્યા ઘટાડીને ૬૨ કરવાની વાત કરી હતી જ્યારે જીએસટી પરિષદે આનાથી પણ આગળ વધીને વધુ ૧૨ વસ્તુઓને તેની હદમાંથી દૂર કરવાનો નિર્ણય કર્યો છે.

## વિચાર વૈભવ...

### ગૂંગળાતા કિશોરો

કેન્સરથી મરણપથારીએ પડેલા પિતાનો સમૃદ્ધ વારસો સ્વીકારવાની એક જવાન દીકરાને ઘસીને ના પાડી દીધી. એણે કહ્યું, "તમે મને ઘણીબધી વસ્તુઓ આપી છે એ વાત સાચી; પણ મારે ખરેખર જેની જરૂર હતી એ ચીજ તો મને મળી જ નહીં. હું તો હતો કેવળ તમારા પ્રેમનો ભૂખ્યો. પણ તમે પૈસા કમાવા પાછળ એટલા બધા પડેલા હતા કે અમારે જે જોઈતું હતું તે તમે આપી શક્યા જ નહીં. અમારે જરૂર હતી ખુદ તમારી જ."

ઓગણીસ વરસની એક મૂંઝાયેલી કન્યા કહે છેઃ "જેની સાથે વિશ્વાસથી વાત કરી શકું એવા કોઈ વડીલ મને મળ્યા નથી. મારા તંગ જીવનમાં હું કેવળ ટેલિવિઝન અને સામયિકો મારફત સંતોષ મેળવું છું. મારા કુટુંબીજનો પાસેથી મને પ્રેમ કે સહાનુભૂતિ સાંપડતાં નથી. સહુ પોતપોતાનાં કામકાજમાં મશગૂલ હોય છે. મારા મનમાં જાતજાતના સવાલો ઉઠે છે પણ રખેને મારા સવાલના જવાબ આપવા પડે એ બીકે મારી માતા મારી સાથે લાંબો વખત ગાળતી નથી. મને સમજવાનો પ્રયત્ન કરે, મને સાચી સલાહ આપે એવી કોઈ વ્યક્તિની મારે જરૂર છે."

નશીલા પદાર્થોના સેવનને માર્ગે વળી ગયેલો કિશોર કહેતો હતો કે, "નશાની ગોળીઓ લેવા હું લલચાયો તે પહેલાં મારે ખરેખર તો જરૂર હતી એ ગોળીઓમાંથી મળે નહીં એવી, બજારમાં ખરીદી શકાય નહીં એવી ચીજની- પ્રેમની."

એક સ્વકેન્દ્રી અને સ્નેહ વગરની સૃષ્ટિમાં આજે આપણે જીવી રહ્યાં છીએ. તેને પરિણામે આવાં કિશોર- કિશોરીઓ અનેક કુટુંબોમાં ગૂંગળાઈ રહ્યાં છે. તેમનાં પોષણ અને વિકાસ માટે સારા ખોરાક, સુંદર કપડાં, તરેહતરેહની ચીજવસ્તુઓ કે મોંઘાદાટ શિક્ષણના કરતાં પણ અનેકગણું મહત્વ છે પ્રેમનું- એ તેમનાં માબાપોને કોણ સમજાવશે?

- ચંદ્રકાન્ત કાજી

## સાર સમાચાર...

### કેન્દ્રીય કર્મચારીઓને ઘર ખરીદવા માટે એડવાન્સમાં ૨૫ લાખની લોન મળશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓ માટે મકાન ખરીદવા માટેની ત્રણ શરતોને સરળ બનાવી દીધી છે. આવું હાઉસિંગ સેકટરને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું છે. હવે આ કર્મચારીઓને હાઉસિંગ બિલ્ડીંગ એડવાન્સ તરીકે પહેલાથી વધારે રકમ મળશે સાથે જ હવે પહેલાના મુકાબલે વ્યાજ પણ ઓછું આપવું પડશે. આ ઉપરાંત જો સરકારી કર્મચારી તે જ મકાન પર સરકારથી એડવાન્સ લેવા ઉપરાંત બેક્રમાંથી પણ વધારાની લોન લેવા ઈચ્છશે તો તેમને ઓનઓશી લેવા માટે લાંબી પ્રક્રિયા પણ નહીં કરવી પડે. કેન્દ્રિય આવાસ અને શહેરી કાર્ય મંત્રાલયે હાઉસિંગ એડવાન્સ માટે નવા નિયમોનું ગુરુવારે એલાન કર્યું. તેનો ફાયદો કેન્દ્ર સરકારના ૫૦ લાખ કર્મચારીઓ ઉઠાવી શકશે. મંત્રાલયલના સીનિયર અધિકારીઓ મુજબ હવે કર્મચારીઓ મકાન લેવા માટે ૩૪ મહિનાના બેસિક વેતન બરાબર અને વધારેમાં વધારે ૨૫ લાખ રૂપિયા હાઉસિંગ બિલ્ડિંગ એડવાન્સ માટે લઈ શકશે.

## કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને ભાજપા અધ્યક્ષ એકજ દિવસે ડીસાના મહેમાન

ડીસા

ગુજરાતની વિધાનસભાનો ચૂંટણી જંગ ધીમેધીમે વેગ પકડી રહ્યો છે ત્યારે બનાસકાંઠા જિલ્લાનું રાજકારણ પણ ભરશિયાળે ગરમાવા લાગ્યુ છે. પરંપરાગત હરિફો ભાજપ અને કોંગ્રેસના નાના કદના નેતાઓથી કરી રાષ્ટ્રીય કક્ષાના કદ્દાવર નેતાઓની મુલાકાતોથી જિલ્લામાં રાજકીય ધમધમાટ તેજ થઈ ગયો છે. ત્યારે બંને રાજકીય પક્ષોના આધાર સ્તંભો તા.૧૨/૧૧/૨૦૧૭ રવિવારના રોજ જિલ્લાના આર્થિક પાટનગર અને રાજકીય





મુખ્યાલય ડીસાની મુલાકાતે આવી રહ્યા છે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ડીસા શહેરમાં યુવા રોજગાર સંમેલનને સંબોધવાના હોઈ જિલ્લામાંથી માનવ મહેરામણ ઉમટી પડશે.તે માટે કોંગ્રેસના તમામ કાર્યકરો કમરકશીને કામે લાગી ગયા છે. જ્યારે ભાજપા અધ્યક્ષ અમિતભાઈ શાહ પણ રવિવારે પાલનપુર હાઈવે પરના ખાનગી પાર્ટી પ્લોટમાં જિલ્લાના કાર્યકરોના ચૂંટણીલક્ષી માર્ગદ ર્શન માટે આવી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

## કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી ૧૬મીએ જાહેર કરાશે

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની જાહેરાત

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી તા.૧૬મી નવેમ્બરે જાહેર કરાશે આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ મહત્વની જાહેરાત કરી હતી. કોંગ્રેસની પ્રથમ યાદીમાં ૭૦થી વધુ ઉમેદવારોના નામો જાહેર કરાય તેવી શકયતા છે. બીજીબાજુ, કોંગ્રેસના ઉમેદવારોની બીજી યાદીને પણ આખરી ઓપ આપી દેવાની કવાયત હાથ ધરાઈ છે, જે પણ પ્રથમ યાદી જાહેર થયાના થોડા સમય બાદ જાહેર કરાય તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી, પાટીદારોની ઓબીસીમાં અનામતની માંગણી સહિતના મુદ્દાઓને લઈ રાષ્ટ્રીય નેતા અને હાઈકમાન્ડ સાથે ચર્ચા વિચારણા માટે ગુજરાત કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ગઈકાલે દિલ્હી પહોંચ્યું હતું. જયાં આજે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના નિવાસસ્થાને કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સ્ક્રીનીંગ કમીટીના ચેરમેન બાલાસાહેબ થોરાટ, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ, કપિલ સિબ્બલ, ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો સાથે ઉમેદવારોની પસંદગી અને પાટીદારોની ઓબીસીમાં માંગણી સહિતના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. બેઠકમાં વિધાનસભાની ચૂંટણી અને બેઠકોને લઈ ઉમેદવારોની પસંદગી, સ્થાનિક જાતિવાદના સમીકરણો અને ઉમેદવારોની જીતમાં કયુ ફેકટર મહત્વનો ભાગ ભજવશે તે સહિતના મુદ્દે પણ ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી.

## ૫ પાકિસ્તાની બોટ સાથે ત્રણ ઘુસણખોર ઝડપાતા ચકચાર

અમદાવાદ

રાજયના સરહદી જિલ્લા એવા કચ્છના હરામીનાળામાંથી બીએસએફ દ્વારા પેટ્રોલિંગ સમયે પાંચ પાકિસ્તાની બોટ સાથે ત્રણ પાકિસ્તાની ઘુસણખોરોને ઝડપી લેતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,રાજયમાં આગામી માસમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવા જઈ રહી છે એ અગાઉ રાજયના સૌથી મોટા અને સરહદી જિલ્લા એવા કચ્છ ખાતે બીએસએફ દ્વારા પેટ્રોલિંગ સઘન બનાવવામા આવ્યુ છે.

## લોકોની સતત વચ્ચે જ રહ્યા જેથી જીતનો સંપૂર્ણ વિશ્વાસ

### કોંગ્રેસ પાસે લીડરશીપ-મુદ્દા નથી : ભરત પંડ્યા

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક અને ભવ્ય જીત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ આજે કહ્યુ હતુ કે સતત સામાન્ય લોકોની વચ્ચે જ રહ્યા છીએ. તેમની તમામ પ્રકારની મુશ્કેલીમાં તેમની સાથે રહ્યા છીએ. તમામ યોજનાના લાભ છેવાડાના નાગરિકોને મળે તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ ગરીબ કલ્યાણ મેળા અને સેવા સેતુ જેવા લોકલક્ષી પગલાના કારણે લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની તકલીફને દુર કરવાના પગલા અવિરત લેવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે સામાન્ય લોકોની સમસ્યાને તેમના ઘરઆંગણે જ ઉકેલવાના ઈરાદા સાથે સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં તમામ ટોપના લોકો જોડાયા હતા. આ સેવાસેતુ કાર્યક્રમને ખુબ સારો પ્રતિસાદ પણ સાંપડ્યો હતો. બિલકુલ નિચલા સ્તરે જઈને આ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં લોકોનો વિશ્વાસ અકબંધ રહે તે માટે અનેક કારણો છે. ભ્રષ્ટાચારના કોઈ દાખલા જોવા મળી રહ્યા નથી. પારદર્શી તંત્ર બનાવવાના તમામ પ્રયાસ યુદ્ધના ધોરણે કરવામાં આવી ચુક્યા છે. વહીવટી કામગીરી વધુ સરળ બને તેવા પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. લોકો સુધી તમામ પગલાના લાભ પહોંચે તેવા પ્રયાસ થયા છે.

## પીએફ ઉપર વ્યાજદરમાં ઘટાડો કરવા તૈયારી પરંતુ લાભ મળશે

નવી દિલ્હી

પ્રોવિડંડ ફંડ (પીએફ) રેટમાં ઘટાડો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. પીએફના ધારકોને આ વર્ષે પોતાના રિટાયર્ટમેન્ટ રકમ પર ઓછું વ્યાજ મળી શકે છે. જો કે, તેમની રકમને ઈક્વિટીમાં રોકવાના બદલે પ્રથમ વખત તેમને યુનિટ આપવામાં આવી શકે છે. આને મળીને એકંદરે રિટર્ન ગયા વર્ષની બરોબર અથવા તો તેનાથી વધારે થઈ શકે છે. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની મહત્વની બેઠક ૨૩મી નવેમ્બરના દિવસે યોજાનાર છે. આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવશે. આ બેઠકમાં બોર્ડ આ વર્ષ માટે ૮.૫ ટકા વ્યાજદર દર રાખવા ઉપર વિચારણા કરી શકે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭ માટે ૮.૬૫ ટકા વ્યાજદર રાખવામાં આવ્યો હતો. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આની સાથે સાથે બોર્ડ મૂડીરોકાણના ઈક્વિટીવાળા સાધનો માટે ઈપીએફઓ યુનિટાઈઝેશન પોલિસીને મંજુરી આપી શકે છે. ઈપીએફઓના રોકાણનો મોટો હિસ્સો સરકારી સિક્યુરિટીમાં જાય છે પરંતુ આનાથી યીલ્ડમાં ઘટાડો થયો છે. સાથે સાથે વ્યાજદરોમાં સામાન્યરીતે ઘટાડો થયો છે. આ બે કારણથી ઈપીએફઓને વ્યાજદર ઘટાડવાનો નિર્ણય કરવો પડી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે, બોન્ડ અને એફડી જેવા ડેટ માર્કેટ ઈન્સ્ટુમેન્ટ પર રિટર્ન ઘટાડવાના કારણ ઈપીએફઓ ઘટતા જતા વ્યાજદરોના માહોલમાં કામ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, વ્યાજદરને વર્તમાન સ્તર પર રાખવાની બાબત મુશ્કેલ છે. કારણ કે નવી સિક્યુરીટી ઓછા દર પર ખરીદવામાં આવી રહી છે જ્યારે ૨૦ વર્ષ જુની સિક્યુરિટી મેન્ચ્યોરીટીની નજીક આવી ગઈ છે.

## ડીસાનું એરપોર્ટ એરફોર્સને સોંપવાની હિલચાલથી આમ પ્રજામાં આક્રોશ

### ડીસા એરપોર્ટ ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનને સાંકળતું એકમાત્ર એરપોર્ટ છે

ભરતસુંદેશા






#### પ્રજા ચૂંટણીમાં જવાબ આપી દેશે

ડીસા એરપોર્ટનો વિકાસ કરવાની દરેક ચૂંટણીમાં વાતો થાય છે પરંતુ હજુ સુધી એર કનેકિટવિટી શરૂ થઈ નથી. ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે ડીસાના એરપોર્ટને એરફોર્સ હસ્તક કરી દેવાની વાતો વહેતી થતા બનાસકાંઠાની નબળી નેતાગીરી ઉપર લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. જેની અસર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ દેખાય તો નવાઈ નહી.

#### મુખ્યમંત્રીના વિકાસનું શું ?

ગુજરાત ના ૧૧ એરપોર્ટ ના વિકાસ કરી શરૂ કરવાની જાહેરાત વિજય રૂપાણી ની સરકારે કરી હતી જેથી પ્રજા માં ભારે ખુશી થઈ હતી પરંતુ વિકાસ થાય અને તે પહેલાં એરફોર્સ ને સોંપવાની વાત શરૂ થતાં બનાસકાંઠાની પ્રજા નારાજ થઈ છે મુખ્યમંત્રી ની જાહેરાત બાદ જો વિકાસ ની જગ્યા એ નિર્ણય બદલી દે તે કેટલું યોગ્ય છે તેવો પ્રશ્ન ઉઠવા પામ્યો છે.

ડીસા

સમગ્ર ઉત્તર ગુજરાત અને દક્ષીણ રાજસ્થાન ને સાંકળતા એકમાત્ર ડીસા એરપોર્ટ ને હવે ભારતીય વાયુદળ એટલે કે ઈન્ડિયન એરફોર્સને સોંપવાની સરકારની હિલચાલ ચાલી રહી હોવાની વાત ફેલાતા ડીસા સહિત બનાસકાંઠાની પ્રજામાં એક પ્રકારની નારાજગી જોવા મળી રહી છે. થોડા સમય અગાઉ જ રાજ્યના ૧૧ એરપોર્ટ સાથે ડીસા એરપોર્ટ પર વિકાસ કરવાની જાહેરાત કરનાર સરકાર દ્વારા ફરીથી પલટવાર કરી એરપોર્ટ એરફોર્સને સોંપાય તો અહીં પેસેન્જર વિમાન ની જગ્યાએ યુદ્ધ જહાજો લેન્ડ થશે અને પ્રજાને ભવિષ્યમાં મળનારી એરપોર્ટ કનેક્ટિવિટી (વિમાની સેવા) છીનવાઈ જશે તેવી દહેશત સેવાઈ રહી છે.

બ્રિટીશ રાજ એટલે કે ૧૯૪૬ માં આકાર પામેલું ડીસાનું એરપોર્ટ જે-તે વખતના પશ્ચિમ ભારતના મધ્યકેન્દ્ર બિંદુ સમાન હતું. ત્યારે આ એરપોર્ટ તૈયાર થયું ત્યારે પાકિસ્તાનનું અસ્તિત્વ જ ન હતું. તેમજ ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા બે રાજ્યો પણ ન હતા. જેના કારણે ડીસા એરપોર્ટનું મહત્ત્વ એ દિવસોમાં પણ ખુબ હતું. પરંતુ આઝાદી પછી ભારત પાકિસ્તાનના ભાગલા પાડતા પાકિસ્તાનની ગુજરાત સરહદ નજીક ડીસા એરપોર્ટ આવતા આ એરપોર્ટનું મહત્ત્વ પહેલા કરતા પણ વધી જવા પામ્યું હતું. અંદાજીત ૩૧ હેક્ટર એટલે કે ૧૨૦ વિઘાથી વધુ જમીન ઉપર બનેલા આ એરપોર્ટનો જે-તે સમયે મોટાભાગે પાલનપુર નવાબ ના મિત્ર રાજ્યો જેવા કે બિકાનેર, અમૃતસર, કાશ્મીર, જયપુર, મુંબઈના રાજવીઓ વાર તહેવારે અવાર નવાર ડીસા એરસ્ટ્રીપનો ઉપયોગ

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં રાહુલ ગાંધીની સભામાં ઉમટી પડવા હાકલ

ડીસા

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલગાંધી બનાસકાંઠાના પ્રવાસે તા.૧૨/૧૧/૨૦૧૭ ના રોજ આવી રહ્યા છે. તેમની જાહેરસભા તા.૧૨/૧૧/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨ વાગે હવાઈ પિલ્લર, હાઈવે, ડીસા ખાતે યોજવામાં આવેલ છે. આ સભામાં બનાસકાંઠા જિલ્લાના ગોપાલક - માલધારીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ શંભુભાઈ દેસાઈએ અનુરોધ કર્યો છે નમ્ર વિનંતી કરી છે.

સભામાં કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અશોક ગેહલોત, વર્ષાબેન ગાયકવાડ, શક્તિસિંહ ગોહીલ તથા અર્જુભાઈ મોઢવાડીયા, અલ્પેશ ભાઈ ઠાકોર, સિધ્ધાર્થ ભાઈ પટેલ જગદીશભાઈ ઠાકોર ગોવાભાઈ દેસાઈ સહિતના અનેક અગ્રણીઓ પણ હાજરી આપવાના છે.

CMYK

**સૂર્યોદય - ૬.૪૯ સૂર્યાસ્ત - ૫.૫૯**

## તિથિદર્શન

કારતક વદ-૮ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક વદ : આઠમ શનિવાર નક્ષત્રઃ આશ્લેષા બપોરે ૧૨.૨૬ પછી મઘા યોગ : બ્રહ્મ કરણઃ તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) બપોરે ૧૨.૨૬ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**ગુણવાનપિ નોપયાતિ પૂજાં**
**પુરુષઃ સત્પુરુષ ખૈર કથ્યમાનઃ**
**ન હિ સૌરમણિઃસ્વાભાવ કાંતિ**
**રવિપાદૈરનધિષ્ઠિતઃ કરોતિ**

ભલે ગુણવાન- વિદ્વાન- પંડિત- સાહિત્યકાર હોય, પણ જયાં સુધી સત્પુરુષો વડે તેનું અનુમોદન - પ્રશંસા કરવામા ન આવે ત્યાં સુધી તે સત્કાર- સન્માનને પ્રાપ્ત થતો નથી, જેમ સૂર્યકાન્ત મણિ કે દર્પણ પર જયાં સુધી સૂર્યનાં કિરણ પડતાં નથી ત્યાં સુધી તે પોતાની સ્વાભાવિક કાન્તિને પ્રગટ કરી શકતો નથી.'

એક કહેવત છે, વાડ વિના વેલો ચઢે નહીં, પરિવારની ઓથ વિના બાળકનો ગ્રોથ સંભવિત નથી. આજના જમાનામાં પ્રચાર, ઢોલ પીટવા- માન- સન્માન - એવોર્ડ મેળવવાની ગોઠવણો બધાં ક્ષેત્રમાં એક 'વ્યાપારી ધોરણે' પ્રસાર - પ્રચાર પામી ગયાં છે. અનિષ્ટ છે. બાયોડેટામાં આવા એવોર્ડ- માન- સન્માનના ચાંદ- અકરામથી ગમે તેવા ના- લાયક પણ ઊંચી જગ્યા પર બેસી જાય છે અને આવડત વિના પદ- સ્થાન- માનની પ્રાપ્તિ કરી લે છે. અરીસા પર સૂર્યનું કિરણ પડે ત્યારે જ એના પ્રકાશના પરિવર્તનથી અરીસો નોંધનીય બને છે, નહીં તો એના પર કોઈનું ધ્યાન જતું નથી. પ્રધાનો- વડાપ્રધાનો- મુખ્યપ્રધાનો પોતાની કવિતાઓ, આત્મકથા છપાવી- જાતે પ્રકાશિત થાય છે.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.**
**વૃષભ : (બ.વ.ઉ.) માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.**
**મિથુન : (ક.છ.ઘ.)રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.**
**કર્ક : (ડ.હ.) )પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**
**સિંહ :(મ.ટ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.**
**કન્યા : (પ.ઠ.ણ.) યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**
**તુલા : (ર.ત.) માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.**
**વૃશ્ચિક :(ન.ય.) વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.**
**ધન : (ભ.ફ.ધ.)વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.**
**મકર : (ખ.જ.)ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.**
**મીન : (દ.ચ.જ.થ.)આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

પોતાના વિચારપ્રચુર ચિરંજીવ લખાણોથી માત્ર હિંદથી જ નહિ પણ ઈજિપ્ત-અફઘાનિસ્તાનની જનતા પર પણ પ્રભાવ પાડનાર તેજસ્વી સાહિત્યકાર, ૧૮ વર્ષની વયથી દેશના ચરણે પોતાના તન-મન-ધન સમર્પી દઈને ભારતની સ્વતંત્રતા કાજે અવિરત ઝઝૂમનાર પીઢ મુત્સદી નેતા, સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદની જન્મજયંતી છે.

એમનો જન્મ ૧૧-૧૧-૧૮૮૮ ના રોજ મકકામાં થયો હતો. 'આઝાદ' તો એમણે પાછળથી ધારણ કરેલું તખલ્લુસ છે. તેમને હિંદુ મુસ્લિમ ઐકય માટે એક પાક મુસ્લિમ રાષ્ટ્રીય નેતા તરીકે બિરદાવવામાં આવ્યા છે. એમનું ૨૧-૨-૧૯૫૮ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## લોન રિકવરી બળજબરીથી નહીં કરવા આરબીઆઈના નવેસરથી નિર્દેશો

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૦

રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાએ નોન બેક્રિંગ ફાઈનાન્સ કંપનીઓને તેમના રિકવરી એજન્ટો દ્વારા લોન વસૂલીની પ્રક્રિયા દરમિયાન બળજબરી નહીં કરવા નવેસરથી નિર્દેશો આપ્યા છે એટલું જ નહીં, આ નિયમોનો ભંગ કરવા બદલ સિનિયર ઉચ્ચ અધિકારીને જવાબદાર ઠેરવવામાં આવશે. આરબીઆઈના નિર્દેશો અનુસાર નોન બેક્રિંગ ફાઈનાન્સ કંપનીઓ લોન રિકવરી માટે આઉટસોર્સિંગ એજન્સી રાખે છે, પરંતુ તેનાથી બોર્ડ અને સિનિયર મેનેજમેન્ટની જવાબદારી ઓછી થતી નથી. ડાયરેક્ટ સેલ્સ એજન્ટ્સ, ડાયરેક્ટ માર્કેટિંગ એજન્ટ અને રિકવરી એજન્ટ સહિતની સેવા આપતી એજન્સીના પગલા માટે નોન બેક્રિંગ ફાઈનાન્સ કંપનીનું મેનેજમેન્ટ જવાબદાર ગણાશે. આરબીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે નોન બેક્રિંગ ફાઈનાન્સ કંપની અને તેમના એજન્ટોએ લોન રિકવરીના પ્રયત્ન દરમિયાન કોઈ પણ વ્યક્તિ સામે મૌખિક કે શારીરિક સતામણી કે ધાકધમકીનો સહારો લેવો જોઈએ નહીં. નોંધનીય છે કે 'મેનેજિંગ રિસ્ક્સ એન્ડ કોડ ઓફ કન્ડક્ટ ઈન આઉટસોર્સિંગ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસીસ બાય એનબીએફસી' નામના અહેવાલમાં આ આદેશો આપવામાં આવ્યા છે.

## પેટ્રોલ - ડિઝલ પર એકસાઈઝ ડયુટી ઘટાડવા મોદી સરકાર તૈયાર!!

ન્યુ દિલ્હી

ચૂંટણીનો માહોલ છે કે હવે સરકાર પેટ્રોલ અને ડિઝલ પર એકસાઈઝ ડયુટી ઘટાડવા તૈયાર થઈ છે. પેટ્રોલીયમ મંત્રાલયને જણાવાયુ છે કે, તે પેટ્રોલ અને ડિઝલમાં એકસાઈઝ ડયુટીમાં ઘટાડાની શકયતા તપાસે કે જેથી વધતા ક્રુડના ભાવોને ધ્યાનમાં રાખી પેટ્રોલ અને ડિઝલના ભાવોને તર્કસંગત સ્તર પર રાખી શકાય. અત્યારે પેટ્રોલનો ભાવ દિલ્હીમાં ૭૦ રૂ. લીટર અને ડિઝલનો ભાવ ૬૦ રૂ. પ્રતિ લીટર થઈ ગયો છે આનાથી સરકાર ચિંતિત છે. ગુજરાતમાં ચૂંટણી નજીક છે. સરકારને લાગે છે કે પેટ્રોલ અને ડિઝલના વધતા ભાવથી કયાંક ચૂંટણીના મેદાનમાં નુકસાન ન થાય. આ જ કારણ છે કે સરકાર એકસાઈઝ ડયુટીમાં ઘટાડાની શકયતા તપાસી રહી છે. આ માટે નાણા મંત્રાલય સાથે વાતચીત થઈ રહી છે. આ વખતે પેટ્રોલ અને ડિઝલ પર એકસાઈઝ ડયુટી ૧ થી ૨ની વચ્ચે ઘટી શકે છે. સરકારે ગયા મહીને પેટ્રોલ-ડિઝલ પર એકસાઈઝ રૂ.૨ ઘટાડી હતી. જેને કારણે સરકાર ઉપર વાર્ષિક ૨૬૦૦૦ કરોડનો બોજો પડયો હતો. જે પછી સરકારે રાજયોને વેટ ઘટાડવા કહ્યુ હતુ. ભાજપ શાસિત અનેક રાજયોએ પેટ્રોલ-ડિઝલ પર વેટ ઘટાડયો હતો.

## રોડ બનાવવા મામલે વિપક્ષ ચૂંટણી પંચને ફરિયાદો કરશે

અમદાવાદ

અમદાવાદ શહેરના એસ.જી.હાઈવે પાસે ભાજપ દ્વારા કાર્યરત કરવામા આવેલા મીડીયા સેન્ટર પાસે મ્યુનિસિપલ તંત્ર દ્વારા રાતોરાત કોન્ટ્રાકટર પાસે રોડ બનાવડાવવામા આવતા આ મામલે વિપક્ષ કોંગ્રેસ દ્વારા ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરવાની તૈયારી શરૂ કરવામા આવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજયમા આગામી માસમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવા જઈ રહી છે આ અગાઉ ભાજપ દ્વારા શહેરના એસ.જી.હાઈવે નજીક મીડીયા સેન્ટર કાર્યરત કરવામા આવ્યુ છે.આ મીડીયા સેન્ટર સુધી પહોંચવા માટે રાતોરાત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પૂર્વઝોનના રોડ બનાવનારા કોન્ટ્રાકટર પાસે કામગીરી કરાવીને રોડ બનાવડાવવામા આવતા આ મામલે વિપક્ષ કોંગ્રેસ ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરવાની તૈયારી કરી રહ્યુ છે.

## ભાવનગરમાં અપૂરતી વિજળીથી ખેડૂતો પરેશાન, ખેતીમાં ભારે નુકસાન

ભાવનગર

સરકાર ખેડૂતોને પુરતી વીજળી અને પાણી મળી રહે તે માટે તમામ પ્રકારના પ્રયાસો કરતી હોવાનો દાવો કરી રહીં છે, પરંતુ વાસ્તવિકતા જોઈએ તો કંઈક અલગ છે. ભાવનગર જીલ્લાના અનેક મથકો પર હાલ માત્ર આઠમાંથી બે કે ત્રણ કલાક મળે છે. જેના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલી પડે છે. જેથી ખેડૂતો સરકાર પાસે પુરતી વીજળી મળે તેવી માંગ કરી રહ્યા છે. ભાવનગર જિલ્લામાં ખેડૂતોને વીજ કનેકશનના મીટર આપ્યા બાદ આઠ કલાક પૂરતી વિજળી મળી નથી. એક અઠવાડિયું દિવસે અને એક અઠવાડિયું રાત્રી દરમ્યાન વીજળી આપવામાં આવે છે. દિવસે આઠ કલાકમાંથી માત્ર ૩ થી ૪ કલાક જ વીજળી મળતાં ખેડૂતો પરેશાન છે. ખેતરમાં ઉભા પાકને પાણી આપવામાં તેમજ વીજળી અવારનવાર જતી રહેતાં મજુરોનું વેતન ભારે પડી રહ્યું છે. વીજળીના કારણે ડુંગળી-અડદની ખેતી ઉપરાંત વાડીમાં શાકભાજીની ખેતીમાં ભારે નુકશાન થઈ રહ્યું છે.

# અંકલેશ્વરમાં અખાદ્ય ગોળ મળતા પાંચ ગોડાઉનો સીલ

**ગાંધીનગરની આર.આર.સેલ ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા**

અંકલેશ્વર

આર.આર.સેલે અંકલેશ્વરમાં ગોળના વેપારીઓને ત્યાં દરોડા પાડયા હતા ગાંધીનગર વિજિલન્સ ટીમે સર્ચ ઓપરેશન કરી એફ.એસ.એલની મદદથી ૫ ગોડાઉનોમાંથી ગોળના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલી આપ્યા હતા. પ્રથમ સ્ટેટ વિજિલન્સ સેલ દ્વારા પ્રાથમિક ફરિયાદ નોંધાવામાં આવી હતી. એફ.એસ.એલ.ના અંતિમ રીપોર્ટ બાદ આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અંકલેશ્વર ગોયા બજાર અનાજ માર્કેટમાં ગુરુવારની બપોરે ગાંધીનગર વિજિલન્સ ટીમે અગાઉથી મળેલી બાતમીના આધારે અચાનક રેડ કરી હતી અને આ વિસ્તારના ૫ વેપારીઓના ગોડાઉનોમાં તેમજ દુકાનામાં તપાસ હાથ ધરી હતી સાથે સાથે એફ.એસ.એલની ટીમ તેમજ શહેર પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તમામ ગોડાઉનો એફએસ.એલ.નો જરૂરી રિર્પોટ ન આવે ત્યાં સુધી સીલ કરી દેવામાં આવ્યા હતા. પોલીસે પતરાના તેમજ પૂઠાના ડબ્બામાં ભરેલો ગોળ તેમજ ફટકડીનો જથ્થો પણ જપ્ત કર્યો હતો. ગોળના વેપારી સંજયભાઈ અરવિંદભાઈ ગાંધી (રહે.પારસીવાડ) કમલેશભાઈ કિરીટભાઈ ગાંધી (રહે.નક્ષત્ર બંગ્લોઝ) તેમજ કમલેશભાઈ કંચનલાલ ભરૂચી (રહે. ગોયાબજાર) સામે શહેર પોલીસ મથકે આર.આર. સેલના પી.આઈ.એમ. જે.ક્રિશ્રયને પ્રાથમિક ફરીયાદ નોંધાવી હતી. હાલમાં લાખો રૂપિયાના ગોળ તેમજ ફટકડીના જથ્થાને સીઝ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અખાદ્ય ગોળ અને ફટકડી દેશી દારૂની બનાવટમાં વપરાય છે. પોલીસે શંકાના આધારે તપાસ હાથ ધરી છે.

# બાલારામ મંદિરમાં ચોરી કરનાર આરોપી પકડાયો



પાલનપુર

પાલનપુર તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ એ. વાય. પટેલે સ્ટાફ સાથે તપાસના ચક્રો ગતિમાન કરી બાલારામ મહાદેવ મંદિરની દાનપેટીમાં ચોરી કરનાર આરોપી નરેશકુમાર ભીખાભાઈ બજાણીયા (રહે. ચિત્રાસણી ને ઝડપી પાડી મંદિર ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો હતો.

# દાંતીવાડા મુકામે રાજયપાલ ઓ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને પદવીદાન સમારંભ યોજાશે

**રાજયપાલશ્રીના કાર્યક્રમના આયોજન અંગે પાલનપુર ખાતે કલેકટર માકડીયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ**

પાલનપુર

તા.૧૪ નવેમ્બર, મંગળવારના રોજ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે રાજયપાલ ઓ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો તેરમો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાશે. આ પદવીદાન સમારંભના આયોજન અંગે પાલનપુર મુકામે કલેકટરશ્રી આર.જે. માકડીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે માન. રાજયપાલ શ્રીના કાર્યક્રમ સમયે જે તે કચેરીઓને ફાળવવામાં આવેલ ફરજ પ્રમાણે કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવીએ. તેમણે કાયદો અને વ્યવસ્થા, હેલીપેડ, રોડ, આરોગ્ય, પ્રોટોકોલ, ભોજન ચકાસણી સહિત તમામ નાની નાની બાબતોની ચોકસાઈ રાખવા અધિકારીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું.બેઠકમાં પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, અધિક નિવાસી કલેકટરશ્રી એલ.બી. બાંભણીયા, ધાનેરા પ્રાંત અધિકારીશ્રી અને સંબંધિત કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિ ત રહ્યા હતા.

# મહાકાલ સેનાનો 'પદમાવતી' ફિલ્મનો વિરોધ



વાવ, થરાદ અને સુઈગામ રાજપુત સમાજ બાદ મહાકાલ સેનાના હોદ્દેદારો અને કાર્યકરોએ પણ વાવ મામલતદારને આવેદનપત્ર આપી 'પદમાવતી' ફિલ્મનો વિરોધ કર્યો હતો અને ફિલ્મ રજુ ન થવા દેવાની ધમકી ઉચ્ચારી હતી.

# રેસ્ટોરન્ટમાં ભોજન સસ્તુ : ટેક્સ માત્ર ૫ ટકા

નવી દિલ્હી

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે જીએસટી કાઉન્સિલની બેઠકમાં આજે તમામ પ્રકારના રેસ્ટોરન્ટ પર હવે માત્ર પાંચ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આના ભાગરુપે રેસ્ટોરન્ટમાં ભોજન સસ્તુ થશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસથી આવી રહેલી માંગને ધ્યાનમાં લેવામાં આવી રહી હતી. જો કે, નાણામંત્રીએ કહ્યું હતું કે, ટેક્સમાં ફેરફાર ૧૫મી નવેમ્બરથી લાગૂ થશે. કારણ કે, કેન્દ્ર અને રાજયોને જુદા જુદા નોટિફિકેશન જારી કરવાની ફરજ પડશે. અરુણ જેટલીએ વિગત આપતા કહ્યું હતું કે, બે વસ્તુઓ એવી છે જેને ૨૮ ટકાથી ૧૨ ટકાના ટેક્સમાં લાવવામાં આવી છે. ૧૩ વસ્તુઓને ૧૮થી ૧૨ ટકા, છ વસ્તુઓને ૧૮થી ૫ ટકા, આઠ વસ્તુઓને ૧૨થી ૫ ટકાના સ્લેબમાં લાવવામાં આવી છે. છ વસ્તુઓ એવી છે જેના પર હવે શૂન્ય ટેક્સ લાગશે. જેટલીએ કહ્યું હતું કે, તમામ પ્રકારના રેસ્ટોરન્ટ એસી અને નોન એસી પર પાંચ ટકા ટેક્સ લાગશે. રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રી માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી)ને ખતમ કરવાનો નિર્ણય કરાયો છે. કારણ કે, કન્ઝ્યુમરોને આનો લાભ અપાઈ રહ્યો ન હતો. ફાઈવ સ્ટાર હોટલોમાં વર્તમાન રેસ્ટોરન્ટમાં જુની વ્યવસ્થા લાગૂ રહેશે. એટલે કે ૧૮ ટકા ટેક્સ લાગશે અને આઈટીસી સુવિધા મળશે. કારોબારીઓને પણ રાહત અપાઈ છે.

કમ્પોઝિશન સ્કીમની મર્યાદા એક કરોડથી વધારીને ૧.૫ કરોડ કરાઈ છે. કારોબારીઓને ફોર્મ-૩ ભરવામાં રાહત અપાઈ છે. આને ૩૧મી માર્ચ સુધી ફાઈલ કરી શકાશે.

# ૨૦ નવેમ્બરે હજારો ખેડૂતો દિલ્હીમાં એકઠા થઈ મોદી સરકાર વિરુદ્ધ મોરચો ખોલશે

**મોદી સરકારની અણઆવડતને કારણે ખેડૂતોને રૂ.૩૬ હજાર કરોડની ખોટનો દાવો**

ન્યુ દિલ્હી

દેશનાં ખેડૂતોની આર્થિક સ્થિતિ બદતર અને ભારે ચિંતાજનક બની છે અને મોદી સરકાર પર ખેડૂત સંગઠનો રોષે ભરાયા છે. ખેડૂત સંગઠનોનો એવો આરોપ છે કે, ખરીફ પાક માટે સરકારે નક્કી કરેલા ચેકાના ભાવ કરતાં પણ માર્કેટ પ્રાઈસ નીચે બેસી ગયા છે. આ વ્યવસ્થા સામે આક્રોશ પ્રગટ કરવા ૨૦મી નવેમ્બરના રોજ હજારો ખેડૂતો દિલ્હીમાં એકત્ર થઈને પોતાનો અવાજ બુલદં કરવાના છે. ઓલ ઈન્ડિયા કિસાન સંગઠન સંઘર્ષ સંયોજન સમિતિએ એમ કહ્યું છે કે, મોદી સરકારની અણઆવડત અને નિષ્ક્રિયતાને લીધે ખેડૂતોને રૂા.૩૬ હજાર કરોડની ખોટ જશે. આ સમિતિએ એવો દાવો કર્યો છે કે, દેશભરમાં આવેલી ૧૫૦ કિસાનોની બોડીના એક જૂથ તરીકે અમે કામ કરીએ છીએ. આ સમિતિ સાથે જોડાયેલા યોગેન્દ્ર યાદવે એમ કહ્યું છે કે, જો ડુંગળી અને બટેટાના પાકની ગણતરી કરીએ તો નુકસાનોનો આંકડો રૂા.૩૬ હજાર કરોડથી ઘણો વધી જશે. ૨૦મી નવેમ્બરે એક લાખથી વધુ કિસાનો દિલ્હીમાં ભેગા થશે અને સરકાર સમક્ષ પોતાની વેદના ઠાલવશે.

# આઠ રાજ્યોમાં હિન્દૂઓને લઘુમતીનો દરજ્જો આપવાની સુનાવણી કરવા સુપ્રીમની મનાઈ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે આઠ રાજ્યોમાં હિંદુઓને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરતી અરજી પર સુનવણી કરવાની મનાઈ કરી છે. સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને કહ્યું કે તેઓ આ મામલે રાષ્ટ્રીય લઘુમતી આયોગનો સંપર્ક કરે. વકિલ અને ભ્ત્તઁ નેતા અશ્વિની ઉપાધ્યાયએ સુપ્રીમમાં અરજી કરી હતી. જેમાં તેમણે દેશની ૮ રાજ્યોમાં હિંદુઓને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, આ ૮ રાજ્યોમાં હિંદુ લઘુમતીમાં છે. તેવામાં આ રાજ્યોમાં હિંદુઓને લઘુમતીનાં અધિકારો મળવા જોઈએ. આ રાજ્યોમાં લક્ષદ્વીપ, જમ્મુ-કાશ્મીર, મીઝોરમ, નાગાલેન્ડ, મેઘા લય, અરૂણાચલ પ્રદેશ, મણિપુર અને પંજાબનો સમાવેશ થાય છે.

અરજીકર્તાએ ૧૯૯૩માં કેન્દ્ર સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ સુચનીને ગેરબંધારણીય ઘોષિત કરવાની માંગ સાથે જણાવ્યું કે, ૨૩ ઓક્ટોબર ૧૯૯૩માં સુચના જાહેર કરી મુસ્લિમ સહિત અન્ય સમુદાયોને લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો. જયારે ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે આ ૮ રાજ્યોમાં હિંદુઓ લઘુમતીમાં છે પરંતુ તેને હજુ લઘુમતીનો દરજ્જો પ્રાપ્ત થયો નથી. અશ્વિની ઉપાધ્યાયે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, 'સુપ્રીમ કોર્ટની બંધારણીય સમિતિએ ૨૦૦૨માં ચુકાદો આપ્યો હતો કે લઘુમતીનો દરજ્જો રાજ્ય સ્તર પર આપવો જોઈએ. આ આઠ રાજ્યોમાં હિંદુની વસ્તી ખૂબ ઓછી હોવાથી તેને લઘુમતીનો દરજ્જો આપવો જોઈએ.

## કલર્સ પ્રસ્તુત કરે છે રેસિપિઝ અને ગ્રેટ કયૂલિનરી એકસપિરિઅન્સની લડાઈ– "રસોઈ કી જંગ મમ્મીયોં કે સંગ"



ખોરાકમાં દરેક જણને ખુશ કરવાની શક્તિ છે, અને જયારે માતાના હાથે બનેલા ખોરાકની વાત આવે, તો તે શુદ્ધ આશીર્વાદ હોય છે. પ્રસ્તત છે ખાવાના તમામ શોખીનો માટેનો અલ્ટીમેટ શો– એક એડવેન્ચરસ ગેસ્ટ્રોનોમિક અનુભવ જે સૌથી સ્વાદિષ્ટ વાનગી બનાવવાની હોડમાં માત્ર સેલેબ્સને એક બીજાની સામે જ નહીં લઈ આવે, પણ તેઓની માતાઓને પણ લઈ આવશે. કરિશ્મા તન્ના, રશ્મિ દેસાઈ, અલી અસગર, શલમાલી ખોલગાડે જેવાં, અને અન્ય ઘણાં બધાં સેલિબ્રિટી ગેસ્ટસ દર્શકોને વીકએન્ડ વ્યૂઈંગમાં બેસ્ટ આપશે.

કલર્સની તમામ પ્રકારોની વિવિધતાપૂર્ણ પ્રસ્તુતિઓમાં ઉમેરવામાં આવેલ, રસોઈ કી જંગ મમ્મીયોં કે સંગ, કૂકિંગના પડકારો પર એક નિતાંત નવો ટેક પ્રસ્તુત કરે છે. એક ફન કયૂલિનરી ગેમ શો જે કૂકિંગ, કોમ્પ્લીટીશન અને ફેમિલી ડાયનામિકસનું સંયોજન છે. એક સેલિબ્રિટી અને તેઓની માતાની બનેલી બે ટીમ એવું ભોજન બનાવવા સ્પર્ધા કરશે જે જજિસ, સેલિબ્રિટી શેફ–રણવીર બ્રારને પ્રભાવિત કરી જાય. રિત્વિક ધનજાનીના આને હોસ્ટ કરવાની સાથે શેફ રણવીર બ્રાર દરેક સ્ટાર જજની પાકકલાની નિપૂણતાને બ્લાઈન્ડ–ટેસ્ટ કરવા સાથે, દરેક એપિસોડ તેઓની માતાનો તેમને ટેકો કરવા સાથે બે સેલિબ્રિટીને કૂકિંગ ફેસઓફમાં જોશે. આ સેલિબ્રિટી માતાઓના હાથિયાર તરીકે છરીઓ હાથમાં લઈને લડતા હોવા સાથે શરૂ થાય છે. જે પણ પ્રથમ રાઉન્ડ જીતશે, પોતાના પોતાના પુત્ર/પુત્રી માટે થોડીક મૂલ્યવાન વધારાની મિનિટો પછીના રાઉન્ડ માટે કમાશે. અને એ બીજા રાઉન્ડમાં માતા પોતાના બાળકોને મદદ કરી શકશે, પણ વધુ ઝડપથી ટકટકતી ઘડિયાળ અને તેઓના મૂલ્યવાન સમયને ગુમાવ્યા વગર વગર નહીં. શેફ બ્રારના બ્લાઈન્ડ ટેસ્ટમાં કોણ પાસ થશે, જિતશે! કલર્સ પર રસોઈ કી જંગ મમ્મીયોં કે સંગ ૧૨મી નવેમ્બર,૨૦૧૭ના રોજ પ્રીમિયર કરી, દર રવિવારે બપોરે ૧ કલાકે દર્શાવવામાં આવશે.

# વિધાનસભા ચૂંટણી : ચૂંટણીપંચ દ્વારા ડમી બેલેટ પેપર તૈયાર કરાયા

અમદાવાદ

રાજયમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે ત્યારે ચૂંટણીપંચ દ્વારા તૈયારીઓ જોરશોરથી શરૂ કરી દેવાઈ છે. આ ચૂંટણીમાં પહેલી વખત મતદારોને ઉમેદવારના ચૂંટણી ચિહ્નની સાથે તેનો ફોટો પણ જોવા મળશે. ત્યારે પંચ દ્વારા ડમી બેલેટ પેપર તૈયાર કરી દેવાયાં છે. ઉમેદવારોનાં ફોર્મ ભરાવવાનું શરૂ થશે. ઈવીએમ મશીનમાં આ બેલેટ પેપર પેટર્નથી મતદારોને ઉમેદવારોની વિગતો સ્ક્રીન પર દેખાશે. ત્યારબાદ ડમી બેલેટ પેપરની પેટર્નથી ફાઈનલ બેલેટ પેપર ઉમેદવારોના ફોટા અને ચિહ્ન સાથે તૈયાર કરવામાં આવશે. અમદાવાદ શહેર અને ગ્રામ્યની ૨૧ વિધાનસભા સીટ માટે કુલ ૪૮૦૦ મતદાન મથક કાર્યરત થશે. આ વખતની ચૂંટણીમાં સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ ઘટાડો થશે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં હજુ સુધી એક પણ સંવેદનશીલ મતદાન મથક જાહેર કરાયું નથી, પરંતુ શહેરના પૂર્વ વિસ્તારમાં અંદાજે ૪૫ જેટલાં સંવેદનશીલ મતદાન મથક હશે, જેમાં કાલુપુર, શાહપુર, દાણીલીમડા, ગોમતીપુર, સરખેજ વગેરે વિસ્તારનો સમાવેશ થઈ શકે છે.

# વાવમાં રાજપુત સમાજનો પદમાવતી ફિલ્મનો વિરોધ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

સમસ્ત વાવ,થરાદ અને સુઈગામ રાજપુત સમાજના નેજા હેઠળ એકઠા થયેલા આગેવાનો અને યુવાનોએ વાવ મામલતદારને આવેદનપત્ર આપી સંજય લીલા ભણસાળીની ફિલ્મ 'પદમાવતી ' માં મહારાણી પદમાવતીના પાત્ર સાથે છેડછાડ કરાઈ છે. મોગલ બાદશાહથી પોતાની આબરૂ બચાવવા આ ક્ષત્રિયાણીએ ૧૬૦૦૦ ક્ષત્રિયાણીઓ સાથે જોહર (સતી) કર્યું હતું. જેનો ઈતિહાસ સાક્ષી છે. જેમના ઉપર સમગ્ર હિન્દુ સમાજને ગર્વ છે ત્યારે તેમના પાત્ર સાથે છેડછાડથી હિન્દુ સમાજની લાગણી દુભાઈ છે. તેથી આ ફિલ્મ રજુ ન કરવા ઉગ્ર રજુઆતો કરી અન્યથા વિરોધ પ્રદર્શનમાં જાહેર જીવનની શાંતિ જોખમાશે. જેની જવાબદારી સરકારની રહેશે તેવો સૂર વ્યક્ત કર્યો હતો.

# ગોઢ ગામની સીમમાંથી ૯ શકુનીયો ઝડપાયા



સંજય જોષી

પાલનપુર

નિરજકુમાર બડગુજર પોલીસ અધિક્ષક બનાસકાંઠાનાઓની સુચનાથી અને એ.આર.જનકાંત નાયબ પોલીસ અધિક્ષક પાલનપુર વિભાગ તથા એન.ડી.અસારી સર્કલ પોલીસ ઈન્સપેક્ટર પાલનપુર સર્કલનાઓના માર્ગદર્શન હેઠળ દારૂ જુગારની બદીને નેશ નાબુદ કરવા સુચના કરતાં એ.વાય.પટેલ પો.સબ. ઈન્સ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનનાઓ તથા સાથેના પોલીસ સ્ટાફના માણસોને મળેલ બાતમી આધારે પાલનપુર તાલુકા પોસ્ટે વિસ્તારના ગોઢ ગામની સીમમાં ગંજીપાનાનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા ઈસમો ઉપર રેઈડ કરતા રેઈડ દરમિયાન આરોપીઓ આરીફખાન ફતેખાન ઘાસુરા, નાનજીભાઈ મગનભાઈ ભીલ, ઈસબખાન ગુલાબખાન ઘાસુરા, યાસીખાન અકબરખાન પરમાર, દોલતખાન નિઝામખાન મંડોરી, પ્રવિણભાઈ અમરાભાઈ નગરીયા (વણકર) તમામ રહે.ધાણધા તા.પાલનપુર વાળાઓને પકડી પાડી તેમની પાસેથી ગંજીપાના તથા રોકડ રકમ રૂા.૧૩,૩૦૦/- તથા મોબાઈલ ફોન નં.૪ કિંમત રૂા.૬૦૦૦/- તથા મોટર સાયકલ કી.રૂા.૩૫,૦૦૦/- મળી કુલ રૂા.૫૪,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી તેમની સામે જુગારધારા કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ભીલડીમાં રાહુલ ગાંધીના સ્વાગતની પૂર્વ તૈયારી

પ્રતિનિધિ ભીલડી

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઉત્તર ગુજરાતની યાત્રાએ આવનાર છે. જેમાં તા.૧૨/૧૧/૧૭ ને રવિવારના રોજ ડીસા ખાતે જાહેર સભા બાદ તેઓ ડીસાથી થરા રૂટ ઉપર જનાર છે. ત્યારે રસ્તામાં આવતા ભીલડીમાં તેમના શાનદાર સ્વાગતનું આયોજન કરવામાં આવ્યું છે. જેની વ્યવસ્થાના ભાગરૂપે દિયોદર ડી.વાય. એસ.પી. એ ગઈકાલે ભીલડી ખાતે તેમના સ્વાગત સ્થળની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. રાહુલ ગાંધી ભીલડીમાં પ્રથમવાર આવી રહ્યાં છે. તેથી કોંગ્રેસ કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેના પગલે કાર્યકરો દ્વારા સ્વાગતની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

# માલગઢ ગાયત્રી પરિવારે ૨૪ ગામની ૪૫ શાળાઓમાં પુજ્ય ગુરુદેવનો સંદેશ પહોંચાડ્યો

## શાંતિકુંજ હરિદ્વારથી આવેલ દિવાળીની શુભેચ્છા પહોંચાડવામાં આવી



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારના તત્વાધાનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થતુ હોય છે. ત્યારે માલગઢ ગાયત્રી પરિવાર દ્વારા ડીસા તાલુકાના ૨૪ ગામમાં પુજ્ય ગુરુદેવના વિચારો ઘર ઘર પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યું છે. ૨૪ ગામોની ૪૫ જેટલી શાળામાં જઈને શાળામાં સહ સાહિત્યના સેટ નિ:શુલ્ક આપવામાં આવ્યા છે. સાથે સાથે શાળામાં લગતા વિવિધ કાર્યક્રમમાં ભાગ લઈ અભ્યાસ કરતો બાળકોને ભારતીય સંસ્કૃતિથી સતત વાકેફ કરવામાં આવી રહ્યા છે. ૨૪ ગામની ૪૫ જેટલી શાળાઓના શિક્ષકોનો પણ ઉત્સાહ ખુબ સારો જોવા મળી રહ્યો છે. ત્યારે આગામી ડિસેમ્બર માસની અંતિમ તારીખોમાં માલગઢ ખાતે ૪૫ શાળાઓના શિક્ષકોની ગરીમાની એક દિવસીય શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગતરોજ માલગઢ ગાયત્રી પરિવાર દ્વારા ૨૪ ગામની ૪૫ શાળાઓમાં જઈ આગામી કાર્યક્રમની રૂપરેખા અને શાંતિકુંજ હરિદ્વારથી આવેલ દિવાળી અને નવા વર્ષની વિશેષ શુભેચ્છાને શાળામાં જઈ ગાયત્રી પરિવારના પરિજનોએ આપી હતી અને આગામી તારીખમાં માલગઢ ખાતે યોજાનાર શિક્ષક ગરીમા શિબિરમાં વધુમાં વધુ શિક્ષકો ભાગ લે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

# બનાસકાંઠામાં ૭ સીટીંગ ધારાસભ્યને પુનઃ ટીકીટ ફાળવાશે તો હારનું સંકટ

## સીટીંગ ધારાસભ્યો સામે પક્ષના હોદેદારો તેમજ કાર્યકરોમાં ભારે નારાજગી

પ્રતિ. છાપી

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં બંન્ને રાષ્ટ્રીયપાર્ટીમાં ટીકીટની ફાળવણીને લઈ ભારે અસમંજસનો માહોલ સાથે અનેક કાર્યકર્તાઓ દ્વારા ટીકીટની દાવેદારી કરવામાં આવી રહી છે. જો કે રાજયસભામાં ૪૩ ધારાસભ્યો કોંગ્રેસની પડખે રહી મતદાન કરનાર તમામને પુનઃ ટીકીટ આપવાનું આશ્વાસન અપાતા કોંગ્રેસ પક્ષમાં અતિરીક જુથ બંધી ઉભરીને સામે આવતા પ્રદેશના નેતાઓ પણ માથું ખંજવાળવા લાગ્યા છે.

ગુજરાત વિધાનસભા ૨૦૧૨ ની ચુંટણીમાં નરેન્દ્રભાઈ મોદીના 'વેવ' વચ્ચે બનાસકાંઠાની પ્રજાએ નવ બેઠકમાંથી પાંચ બેઠક ઉપર કોંગ્રેસને જીતાડી હતી જો કે હાલમાં ગુજરાતમાં પાટીદાર આંદોલન તેમજ ઓબીસી અને દલિત અત્યાચાર વિરૂધ્ધ આંદોલનોના કારણે કોંગ્રેસ પાર્ટી ગુજરાતના રાજકારણમાં પોતાનો પગ ઘુસાડવા સતત પ્રયત્ન કરી રહી છે. દરમ્યાન રાજયસભાની કશ્મકશ ચુંટણીમાં કોંગ્રેસના ૪૩ ધારાસભ્યો પક્ષને વફાદાર રહેતા આ તમામ ૪૩ ધારાસભ્યોને પુનઃ ટીકીટ આપવાનું આશ્વાસન અપાતા બનાસકાંઠા કોંગ્રેસના ટીકીટ વાચ્છુઓ સહિતઅનેક હોદેદારો તેમજ કાર્યકર્તાઓ દ્વારા પોત પોતાના મત વિસ્તારમાં ઉમેદવાર બદલવા ઉગ્ર માંગ કરી રહ્યા છે. સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ બનાસકાંઠા જિલ્લાની પાલનપુર - દાંતા - વડગામ - ધાનેરા - ડીસા તેમજ કાંકરેજની બેઠકો ઉપર ઉમેદવારો નહી બદલાય તો આ તમામ બેઠાકો ઉપર કોંગ્રેસને પરાજયનો સામનો કરવો પડશે. કોંગ્રેસને ગુજરાતની ગાદી ઉપર સત્તરૂઢ થવા માટે ઉત્તર ગુજરાતના પોતાના ગઢને સાચવવો જરૂરી બન્યો છે. બનાસકાંઠામાં હાલમાં કોંગ્રેસમાં પ્રર્વતિ રહેલો અસંતોષ જોતા આ તમામ ૭ બેઠકો સાચવી રાખવી મુશ્કેલ જણાઈ રહ્યું છે.

# અમીરગઢ યુનિયન બેંકના એટીએમ ચોરીના ગુનામાં વધુ એક આરોપી પકડાયો સાત આરોપી પકડાતા ગુનાનો ભેદ ઉકેલાયો



સંજય જોષી

પાલનપુર

અમીરગઢની યુનિયન બેંકના એ.ટી.એમ.માં ચોરીના ગુનામાં નાસતા- ફરતા વધુ એક આરોપીને પોલીસે આવલ ગામની સીમમાંથી ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

ગત તા. ૨૭/૦૮/૨૦૧૬ ના રોજ રાતના સુમારે અમીરગઢમાં આવેલ યુનિયન બેંકના એ.ટી.એમ.નું તાળુ તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરવાનો પ્રયાસ થયો હતો. જે બાબતે બેંક મેનેજરની ફરિયાદના આધારે પોલીસે ચોરીમાં સામેલ આવલ ગામના આરોપીઓ કલ્યાણસિંહ સાંતુસિંહ ડાભી, ભરતસિંહ પચાણસિંહ ડાભી, કલ્યાણસિંહ સામતસિંહ ડાભી, પરમસિંહ ગિરધરસિંહ ડાભી અને મેરૂસિંહ સુરતુસિંહ ડાભીની અગાઉ ધરપકડ કરેલ હતી. પરંતુ બે આરોપી ગામ છોડીને જતા રહ્યા હતા. ત્યારે વિધાનસભાની ચૂંટણીને લઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે નાસતા- ફરતા આરોપીઓ ઝડપવા આવેલ. આદેશના અનુસંધાને અમીરગઢ પી.એસ.આઈ. પી.સી. દેસાઈએ સ્ટાફ સાથે ગતરોજ બાતમી આધારે ભગવાનસિંહ સુરતુસિંહ ડાભીને પાલનપુર એરોમા સર્કલ પાસેથી આબાદ ઝડપી પાડ્યો હતો. જેના બીજા દિવસે વધુ એક આરોપી મહાવીરસિંહ ભીમસિંહ ડાભી (રહે. આવલ) ને પણ ગામની સીમમાંથી આબાદ ઝડપી પાડી જેલ હવાલે કરી દીધો હતો. આ સાથે સાત આરોપી પકડાતા ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો.

# ધાનેરા પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી પકડી



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને લઈ જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા આદેશ આપેલ છે. જે અનુસંધાને ધાનેરા પી.આઈ. આર.કે.પાઠકે સ્ટાફ સાથે ગઈકાલે રવિ ગામ પાસેથી રૂા. ૨,૬૪,૦૦૦ નો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. જેના બીજા દિવસે પણ તેમણે નાના મેડા ગામના ત્રણ રસ્તા પાસે નાકાબંધી ગોઠવી સ્વીફ્ટ ગાડી (નં.જી.જે. ૧ સીકે ૮૧૬૧) ઝડપી પાડી તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની ૪૨૭ બોટલ (કિંમત રૂા. ૪૨,૭૦૦) મળી આવી હતી. તેથી પોલીસે કુલ રૂા. ૨,૪૨,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં રાંધણગેસની ડિલિવરી સ્થળ પર ન અપાતા રજુઆત



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં જી.આઈ.ડી. સી.માં આવેલ એચ.પી. ગેસ કંપનીની એજન્સી દ્વારા ગ્રાહકોને સ્થળ ઉપર રાંધણગેસની ડિલિવરી ન અપાતા ગ્રાહકો દ્વારા શુક્રવારે ડીસા મામલતદારને રજૂઆત કરવામાં આવી હતી.

ડીસામાં એચ.પી. કંપનીની એજન્સી રીન્કુ ગેસ દ્વારા ગ્રાહકોને સ્થળ પર રાંધણગેસની ડીલેવરી આપવાની મનાઈ ફરમાવી છે. એજન્સી દ્વારા આ અંગે કંપની દ્વારા માત્રને માત્ર હોમ ડિલિવરી કરવાનો જ પરિપત્ર કરાયો હોવાનું જણાવવામાં આવે છે. જોકે હોમ ડિલિવરી કરવામાં સિલિન્ડર દીઠ રૂપિયા ૨૦ વધુ લેવામાં આવે છે. ત્યારે અનેક લોકો પોતાની જાતે એજન્સી પર સિલિન્ડર લેવા જતાં હોય છે પરંતુ થોડા સમયથી એજન્સી દ્વારા સ્થળ પર ગેસ સિલિન્ડર ન અપાતા લોકોને ધરમ ધક્કા ખાવા પડે છે.જયારે ડિલિવરી નો ચાર્જ ચૂકવવો પડે છે જેથી આ અંગે ડીસાના જાગૃત નાગરિક કમલેશભાઈ ઠક્કર પ્રકાશભાઈ શુંદેશા સહિત ગ્રાહકોએ આ અંગે શુક્રવારે ડીસા મામલતદાર કચેરીએ આવી મામલતદારને મૌખિક રજૂઆત કરી હતી. જેથી મામલતદાર દ્વારા આ બાબતે એજન્સીનું ધ્યાન દોરવાની ખાતરી અપાઈ હતી.

# સામઢી ત્રણ રસ્તે ટ્રેકટર પલટયું



સામઢી

પાલનપુર તાલુકાના સામઢી ગામના ત્રણ રસ્તે સિંગલ પટ્ટી રોડની બંને સાઈડ ધોવાઈને મસમોટા ખાડા પડી ગયા છે. ત્યારે ગતરોજ પુરઝડપે આવતા ટ્રેકટરનો ચાલક સામેથી આવતી જીપથી બચવા ટ્રેકટર રોડ સાઈડે ઉતારી દેતા ટ્રેકટર ખાડામાં પલટી ખાઈ ગયું હતું જો કે અકસ્માતમાં ટ્રેકટર સવાર નરસીભાઈ પ્રજાપતિ અને રાહુલજી ઠાકોરનો બચાવ થયો હતો પરંતુ ટ્રેકટરને ભારે નુકશાન થયું હતું જેથી રોડ સાઈડના ખાડાનું સમારકામ કરવાની માંગ ઉઠવા પામી છે.

# ભાજપનું ગૌરવ સંપર્ક અભિયાન પરંતુ કોંગ્રેસમાં સંગઠનનો અભાવ

ગુજરાત વિધાનસભા - ૨૦૧૭ ની ચુંટણીમાં કોંગ્રેસ સાથે છેડો ફાડી શંકરસિંહજી વાઘેલાએ અલગ ચોકો રચી પોતાનો એકડો મજબુત કરવા પ્રયત્ન કરી રહ્યા છે જેમાં પ્રજા એવું જ કહે છે કે, વૃદ્ધાવસ્થામાં ખોટી આબરૂ બગાડે ક્યાંક સાચી દિશા - દશામાં નિર્ણય કર્યો હોત તો સારું હતું હમણાં હિન્દુત્વના મુદે શિવસેનાને ગુજરાતમાં આ વખતે કંઈક ખીચડી પાકશે તેવી આશા દેખાવા માંડી છે. ભાજપની નબળાઈઓ અને કોંગ્રેસની નીતિઓ ઉછાળી પોતે ૫૦ થી ૭૦ વિધાસભા બેઠક પર પોતાના ઉમેદવારો ઉભા રાખશે તેવા એક સમાચાર મળી રહ્યા છે તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવાર ગમે તે આવે તેને સ્વીકારવાનો અને ચુંટણી પ્રચારનો શુભારંભ ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન રીતે કરી દીધો છે. મતદાર યાદી પેજ પ્રમુખથી માંડીને બધી જવાબદારીઓ જે તે રીતે વહન કરવામાં આવી નૂતનવર્ષા - સ્નેહમિલન સમારંભો થયા એ રીતે લોકો કાર્યકરોનો બહોળી રીતે સંપર્ક થઈ રહ્યો છે. કોંગ્રેસમાં સંગઠનનો હજુ અભાવ જોવા સ્પષ્ટ મળે છે. પ્રજાનો શાસક પક્ષ તરફનો આક્રોશ છે જેનો લાભ - ગેરલાભ ક્યા ઉમેદવારને થશે એ તો સમય જ બતાવશે બાકી આજકાલ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ગુજરાતમાં ચહલ પહલ અને તેમાંય ધાર્મિક સ્થળોની મુલાકાતથી અને હાર્દિક પટેલની અવઢવ ભરી અવસ્થાથી પાટીદારો શું કરશે ? અલ્પેશ ઠાકોર તો કોંગ્રેસ તરફ ગયા ને તે કેટલી બાજી બગાડી શકે તે વિશે ભાજપમાં ગહન મંથન ચાલી રહ્યું છે તો આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં પગરણ કરવાના છે. અમીત શાહને બીજી ટીમના આંટાફેરાને દિશા સૂચનોનો જોર વધ્યો છે. જેમાં અમારા વિસ્તારનો ઉમેદવાર કોણ ? અપક્ષો કે કેટલા હશે ? શિવસેના કે શંકરસિંહનો મોરચો ક્યાંક થોડા ઘણા વોટ બગાડવામાં સફળ થશે જયાં બાજીના સોગઠાને બચાવવા રાજકીય કાવાદાવા કરવા પડે તો એ માટેની સંપૂર્ણ તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. સરદાર - ગાંધી હમણાં થોડી રાહત હેઠળ છે તો ગુજરાત ગૌરવ સંપર્ક યાત્રાએ તેજ રફતાર પકડી છે. ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો હવે રીતસરના રઘવાયા બન્યા હોય તેવું લાગે છે. ક્યાં સુધી ઈન્તજાર કરવાનો પછી જો ટીકીટ ન મળે તો આ બધું કરેલું તો માથે જ પડશે ? કાર્યકરો પ્રજાનો મારા પર કેટલો બધો વિશ્વાસ છે કે આ વખતે તો ટીકીટ લઈને જ આવેશેને બીજાને ટીકીટ મળી તો ?? વાંચકમિત્રો આપણે ચુંટણી ચક્રવ્યૂહની માયાજાળમાં તમને કંઈક રસ પડેને છેવટે તો સાચી માહિતી પહોચે તેવા જ પ્રયત્નો કરવા છે બસ થોડી રાહ જુઓ ભાજપ - કોંગ્રેસના ઉમેદવારોની જેમ....

**ભાજપ - કોંગ્રેસના ઉમેદવારની જેમ થોડી રાહ-જુઓ રસપ્રદ ખજાનો મળશે**




યશપાલસિંહ ટી.વાઘેલા

**ચૂંટણી જીતવા રાજકીય કાવાદાવાઓની કવાયત સતેજ**

# વાવ તાલુકાના મ.ભો.યો.ના સંચાલકોએ આવેદનપત્ર પાઠવ્યું



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

વાવ તાલુકાના મ.ભો.યો. ના સંચાલકોએ વિવિધ માંગણીઓના મુદે વાવ મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે નવું મેનુ રદ કરવું અથવા તો તેના પ્રમાણમાં પૂરતો જથ્થો ફાળવવો જેમાં કઠોળ, દાળ, ચણા, તેલ તેમજ તેલ સમયસર મળતું નથી તા.૨૯/૯/૧૭ ના રોજ દાળનું સેમ્પલ આપેલ છે હજુ નમૂનો પાસ થતો નથી જેથી જથ્થો ફાળવાતો નથી તો હાલમાં જુના મેનુ પ્રમાણે મ.ભો ચાલુ રહેશે જેવા વિવિધ પ્રશ્નો મુદે આવેદનપત્ર પાઠવાયું હતું જે પ્રસંગે વાવ તાલુકા મ.ભો.યો. ના એસોશિયનના પ્રમુખ ભાણાભાઈ રાજપુત મંત્રી કાંનજીભાઈ કે.રાજપુત, દીનેશભાઈ મણવર, સેંધાભાઈ પટેલ, જેતસીભાઈ ચૌહાણ સહિત બહોળી સંખ્યામાં મ.ભો.યો.ના સંચાલક મંડળના મિત્રો હાજર રહ્યા હતા. અગાઉ પણ બ.કાં. જિલ્લા મ.ભો.યો. ના એસોશિયન મંડળે જિલ્લા કલેકટરને આ બાબતે આવેદનપત્ર પાઠવ્યું હતું.

# પિલુચાના પૂર્વ ડેલીગેટના નિવાસ સ્થાને ભાજપના અગ્રણીઓ દ્વારા સભા યોજાઈ



પ્રતિનિધિ પિલુચા

આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ સરકાર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ થાય છે. તે અગાઉથી ઘરે- ઘરે જઈને મુલાકાતો શરૂ કરી દીધી છે. જેના અનુસંધાને વડગામ તાલુકાના પિલુચા ગામે ગતરોજ પૂર્વ ડેલીગેટ ગંગાબેન જે. શ્રીમાળી તેમજ વડગામ તાલુકા સીટના ઈન્ચાર્જ જસવંતભાઈ આર. શ્રીમાળીના નિવાસ સ્થાને ગાંધીનગરથી પધારેલ મુખ્ય મહેમાન સમાજના અગ્રણી અને ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના રાજયકક્ષાના પ્રમુખ ગૌતમભાઈ ગેડીયા જેમને તાજેતરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર અંત્યોદય નિગમના ચેરમેનની પદવી પણ સોંપવામાં આવી છે અને નિવૃત નાયબ નિયામક એન.જે.શ્રીમાળી, તાલુકા પંચાયત પાલનપુરના પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી તેમજ રાજસ્થાન રાજયના પૂર્વ આરોગ્યમંત્રી જોગેશ્વર ગર્ગ, વડગામ તાલુકાના ભાજપના ઉપપ્રમુખ અશ્વિનભાઈ સકસેના

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડા મ.ભો.યો.ના સંચાલકોનું આવેદનપત્ર

પ્રતિનિધિ પાંથાવાડા

બનાસકાંઠા જિલ્લાના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં બાળકોનો આપવામાં આવતા ભોજનનું 'મેન્યુ' રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. પરંતુ પુરવઠા વિભાગમાં મેન્યુ મુજબની વસ્તુઓ જ નથી. જેથી મધ્યાહન ભોજનના સંચાલકો દ્વારા જિલ્લાભરમાં તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેમાં સૂર પુરાવતા દાંતીવાડા તાલુકાના સંચાલકોએ પણ મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.



# તંત્રી સ્થાનેથી ...

**મેધાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.**

## નોટબંધી અને જીએસટીની અસર ચૂંટણીમાં પડ્યા સિવાય રહેશે નહિ

ગુજરાતમાં ચૂંટણીના પરિણામો કોની તરફેણમાં આવશે તે બાબતે વિવિધ લોકો અને સંસ્થાઓના દ્રષ્ટિકોણમાં ઘણોબધો તફાવત નજરે પડે છે. ભલે પરિણામ ગમે તે આવે પણ તે કેવળ ગુજરાત પુરતા સિમીત રહેવાના નથી. ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીઓ અને આગામી વર્ષે થનારી કર્ણાટક, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીઓ પર તેની સીધી અસર કોઈ રોકી શકવાનું નથી. જો કે નોટબંધી અને જીએસટીની અસર ચૂંટણીમાં પડ્યા વિના રહેવાની નથી. સાથે સાથે મોંઘવારી અને બેરોજગારી બાબતે દેશની જનતા ખુબ જ નારાજ છે.

ચૂંટણીમાં રાજકીય પક્ષોએ પોતાની સ્વચ્છ પ્રતિભા મતદારો સમક્ષ દર્શાવીને ચૂંટણી જંગમાં ઝુકાવશે તો તેઓને સારો ફાયદો થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

ચૂંટણીમાં કોઈ એક પક્ષની હાર કે જીત નિશ્ચિત હોય છે. હાલમાં કોંગ્રેસ પક્ષ હિમાચલ પ્રદેશને મુખ્યમંત્રી વિરભદ્રસિંહના ભરોસે સોંપી ગુજરાતમાં જાનની બાજી લગાવી છે રાહુલ ગાંધીના ગુજરાતમાં ઉપરા છાપરી પ્રવાસો અને પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ કે ઓબીસીના નેતા અલ્પેશ ઠાકોર, અને દલિત આગેવાન જિજ્ઞેશ મેવાણી જેવા જ્ઞાતિ જાતિવાદી નેતાઓએ ઉભા કરેલા ધુમ્રપટને કારણે ૨૨ વર્ષોનો રાજકીય વનવાસ કોંગ્રેસને પુરો થતો દેખાવા લાગ્યો છે. ત્યારે સામે ભાજપનો વિજય રથ ગુજરાતમાં અટકી પડે તો આવતે વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ માટે આકરા ચઢાણો સાબિત થઈને રહેશે.

ભાજપ અને કોંગ્રેસ હાલમાં આરપારની લડાઈ લડી લેવાના મુડમાં છે. તેમની ચૂંટણી વ્યુહરચના મતદારો સમક્ષ રજુ થઈ ચુકી છે. જો કે મતદારોનો ઝુકાવ કોની તરફ રહેશે તે કળી શકાય તેમ નથી. પાટીદાર અને દલિત નેતાઓ પ્રજાના દ્રષ્ટિકોણમાં બદલાવ લાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. ઓબીસી અને દલિત નેતાઓએ ચૂંટણીના એક વર્ષ પહેલાંથી જ જે રાજકીય વાતાવરણ સર્જી રાખ્યું છે. તેને પરિણામે હાલની ચૂંટણીઓમાં જ્ઞાતિ અને જાતિવાદની બોલબાલા થતી રહેવાની જેથી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ આ બાબતે સાબદા રહેવાની જરૂર જણાય છે. આ વર્ષના આરંભમાં પંજાબની ચૂંટણી કોંગ્રેસે જીતી હોવા છતાં તે ગેમ ચેન્જર બની શકી ન હતી. આનું કારણ એ છે કે સૌપ્રથમ તો પંજાબમાં નરેન્દ્ર મોદી કે ભાજપનો પરાજય ન હતો પરંતુ એક દાયકાથી શાસન કરતા અકાલીદળનો પરાજય હતો અકાલીદળનો દ્રષ્ટિકોણ તદ્દન ખોટો પડ્યો અને તેને હાર સ્વીકારવી પડી. પંજાબમાં કોંગ્રેસનો વિજય થયો હોવા છતાં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પંજાની પાંચે આંગળીઓ કપાઈ ગઈ હતી અને નવી વિધાનસભામાં તેને માત્ર સાત જ બેઠક પ્રાપ્ત થઈ હતી. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ અને સ.પા.ની વ્યુહરચના તદ્દન નિષ્ફળ નિવડેલ. જો ગુજરાતમાં કોંગ્રેસ વિજયી નિવડે તો પણ ભવિષ્યમાં તેનો રાજકીય ઉદય નિશ્ચિત બની રહેશે. તેવી સ્વીકારી શકાય તેમ નથી. ખાસ કરીને ૧૮ ડિસેમ્બરે જ્યારે પરિણામો આવશે ત્યારે તેની સાથે હિમાચલ પ્રદેશના પરિણામો પણ બહાર પડશે અને અહીં કોંગ્રેસની સત્તા વાપસી લગભગ નહિવત જ છે, આથી ગુજરાતમાં વિજય અને હિમાચલ પ્રદેશનો પરાજય એકબીજાના છેદ સંપૂર્ણપણે તો નહિં ઉડાવી મુકે તો પણ કોંગ્રેસનો ઉત્સાહ તો સારા પ્રમાણમાં વધારી દેશે તે વાત ચોક્કસ છે.

## ૩૦ દિવસની ખુશી તમારે માટે આવી રહી છેસોની YAY!

જો બાળકોને એવી ખબર મળે કે તેમની મનગમતી ટીવી ચેનલ તેમને ખુશીનાં ૩૦ કારણો આપી રહી છે અને નવેમ્બર મહિનામાં ભરપૂર ખુશી આપી રહીછે ત્યારે તેમની પ્રતિક્રિયા કેવી રહેશે? અમને ખાતરી છે કે તેમની ખુશી પણ બેસુમાર રહેશે! આ નવેમ્બરમાં સોની YAY!બેરોકટોક મનોરંજન સાથેમોજમસ્તીભર્યો મહિના ઊજવવા માટે બાળકોને ૩૦ અજોડ કારણો આપી રહી છે.ચિલ્ડ્રન્સ YAY!લોન્ચ કરતાં ચેનલ પોતાની પ્રથમ બાળ દિવસ ઝુંબેશમાં બાળકોને બેસુમાર ખુશી આપશે અને ૩૦ દિવસ અમર્યાદિત ખુશી માટે વચનબદ્ધ છે. તેમને આ અજોડ ટ્રીટ આપતાં તેમની મનગમતી ચેનલ સોની YAY!પર ચમકવાનો મોકો આપશે. તેમણે ફક્ત તેમના વહાલુ ગુરુ અને ભોલેની ફક્ત નકલ કરવાની છે. ગુરુ અને ભોલે રોજ અલગ અલગ પોઝમાં દેખાશે અને બધા બાળકોએ પાત્રો દ્વારા બતાવવામાં આવતા મોજીલા પોઝની નકલ કરતી તેમની એન્ટ્રીઓ મોકલવાની રહેશે. આ પોઝમાં મોજમસ્તી, હાસ્ય, નૃત્ય અને સરપ્રાઈઝ વગેરે રહેશે, જે બાળકોને વિવિધ પ્રકારની ભાવનાઓ વ્યક્ત કરવા માટે તક આપશે. ચેનલ રોજ એક વિજેતા જાહેર કરશે, જે ટેલિવિઝન પર ચમકવા સાથે બેગ ભરીને YAY!ગૂડીઝ પણ જીતી શકશે. આટલું જ નહીં, પાપ-ઓ- મીટરના સંપૂર્ણ નવા એપિસોડના લોન્ચ સાથે રોમાંચનો વધારાનો ડોઝ ઉમેરશે, જેમાં ચેનલ બાળકોને ભૂત બોસનું જીવન અને તે સંરક્ષક કઈ રીતે બન્યો અને બાળકો માટે બેસ્ટ ફ્રેન્ડ કઈ રીતે છે તેનો પ્રવાસ કરાવશે. આ ખુશીના તત્ત્વને ટેલિવિઝનની પાર લઈ જતાં ચેનલ આ એક મહિના સુધી ચાલનારી ઉજવણીના ભાગરૂપે વિવિધ મોજમસ્તીભરી બહારી પ્રવૃત્તિઓ અને એક્ટિવેશન્સ પણ હાથ ધરશે.

### આત્મચિંતન

## મનને ભયથી દુર રાખો

ડર આપણા જીવનમાં આપણા અભિન્ન અંગની જેમ ભળેલું છે. આપણા શરીરનું સુરક્ષાતંત્ર સ્વયં આપણને ડરવા માટે મજબુર કરી દે છે અને ડરના સમયમાં આપણે ધ્રુજતા હોઈએ છીએ. કોઈ કેટલો પણ બહાદુર કેમ ન હોય જીવનમાં કયારેક ને કયારેક તેનો સામનો ડરથી જરૂર થાય છે. સામાન્ય રીતે ડરને આપણે જેટલો મોટો પડકાર સમજીએ છીએ તેવું કાંઈ હોતું નથી. કારણ કે તેને તેની મોટા ભાગની પરીસ્થિતીઓ આપણે જાતે નિર્મીત કરે છે. તેના માટે નિર્ભય થવાનો સૌથી સરળ રસ્તો છે

દરેક પરીસ્થિતીનો સામનો તટસ્થતાપૂર્વક કરવો જોઈએ. મનમાં સાહસ બનાવી રાખીએ અને પરીસ્થિતીઓના પ્રત્યે મનમાં સ્પષ્ટ રહીએ જેટલું આપણે મનને ભયથી દુર રાખીશું તેટલા જ ભયથી દુર રહીશું.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સાહિત્ય દિગ્ગજ પાનિશ્વર નાથ રેણુને ૫૧ વર્ષ પછી પડદા પર જીવંત કરાશે



બસુ ભટ્ટાચાર્યની તીસરી કસમ પછી પાનિશ્વર નાથ રેણુની કૃતિ પંચલૈત ૧૭મી નવેમ્બરે ભારતભરમાં મોટા પડદા પર આવી રહી છે. રેણુની હૃદયસ્પર્શી વાર્તાઓએ હંમેશાં ફિલ્મકારોમાં ઉત્સુકતા જગાવી છે. આમ છતાં છેલ્લા બસુ ભટ્ટાચાર્યની તીસરી કલમ રિલીઝ પછી આ વાર્તાઓ પડદા પાછળ જ રહી હતી.

પંચલૈત કેરોસીનના દીવા (જે પેરાફિન અને હેન્ડ પંપનો ઉપયોગ કરે છે તે પ્રકાશ પાડવા માટે પંપ કરાય છે)ની વાર્તા છે, જે ગ્રામવાસીઓના જીવનનું અવિભાજ્ય અંગ છે અને તે ધરાવવું સન્માનનું નિશાન છે. ફિલ્મ ચોક્કસ ગ્રામીણ સમુદાય માહાતો તોલા અને ઘણી બધી મુશ્કેલીઓ અને ઘટનાક્રમ પછી પ્રાપ્ત કરાતા પ્રતિષ્ઠિત પંચલૈત ફરતે વીંટળાયેલી છે. વાર્તારિખા બહુસ્તરીય સામાજિક આંતરક્રિયા અને મુખ્ય પાત્રો વચ્ચે ફૂલતાફાલતા રોમાન્સ પર ભાર આપે છે.ફિલ્મનું દિગ્દર્શન પ્રેમ મોદીએ કર્યું છે, જે સમરેશ મઝુમદાર લિખિત બંગાળી ફીચર ફિલ્મ (૨૦૧૩) અર્જુન પછી તેમનું બીજું દિગ્દર્શન સાહસ છે. ફિલ્મમાં સવ્યસાચી ચક્રવર્તી, દીપાંકર ડે, મનોજ મિત્રા, ચુર્ની ગાંગુલી વગેરે છે. મોદીએ અપર્ણા સેન, તપન સિંહા, અંજુન દત્ત, ગુલ બહાર સિંહ, શ્યામન અને જાલન, ઈન્દ્રનિલ ગોસ્વામી વગેરે સાથે કામ કર્યું છે. તેમણે ઘણી બધી દસ્તાવેજી, આંતરાષ્ટ્રીય સન્માનિત અને પુરસ્કાર વિજેતા પ્રોજેક્ટો પર પણ કામ કર્યું છે. પ્રેમ મોદીએ નસીરુદ્દીન શાહ, ઈરફાન ખાન, અમરીશ પુરી, કોંકણા સેન શર્મા, રિતુપર્ણા સેનગુપ્તા, રજિત કપૂર, વિક્ટર બેનરજી, કેકે મેનન, જિમી શેરગિલ અને સંધ્યા મૃદુલ જેવાં અનુભવી કલાકારો સાથે કામ કર્યું છે. પંચલૈત દેશભરનાં થિયેટરોમાં ૧૭મી નવેમ્બરમાં રજૂ થશે. તમારી તારીખ હમણાંથી જ નક્કી કરી રાખો.

## મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા ટેકો અપાતા બાળકોને ગોલમાલ અગેઈનના કલાકારોને મળવાનો મોકો



ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સીએસઆર પાંખ મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ૧૨ વર્ષથી મુંબઈમાં ઝૂંપડપટ્ટી અને ગલીઓમાં રહેતા ગરીબ બાળકોના એકંદર વિકાસ માટે નિ:સ્વાર્થ ભાવે કામ કરતી એનજીઓ મુંબઈના મલાડ સ્થિત સામાજિક વિકાસ કેન્દ્ર સોશિયલ ડેવલપમેન્ટ સેન્ટરના ગરીબ બાળકો વચ્ચે આંતરક્રિયા સત્રનું આયોજન કરવામોં આવ્યું હતું અને ગોલમાલ અગેઈનના કલાકારો રોહિત શેટ્ટીએ, તબ્બુ, પરિણીતી ચોપરા, અર્શદ વારસી, શ્રેયસ તળપદે, તુષાર કપૂર, કુનાલ ખેમુ જેવા કલાકારો આ કાર્યક્રમ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. આ પ્રતિભાશાળી કલાકારો આંતરક્રિયા સત્ર દરમિયાન તેમના અભિનયના પ્રવાસ થકી બાળકોને સશક્ત બનાવી શક્યા અને તેમને ખુશી પણ આપી હતી. કલાકારો સાથે તસવીરો પડાવવાનો મોકો મળતાં બાળકો માટે આ અવસર યાદગાર બની રહ્યો હતો.આ ૨૦ બાળકો એક મનોરંજક કાર્યક્રમમાં કલાકારોને મળ્યા હતા. એમએમએફ ટીમ સાથે ફિનોલેક્સ ટીમ દ્વારા બાળકોને સંસ્થાથી સ્થળ સુધી લઈ જવાયા હતા. બાળકોને કલાકારો સાથે રૂબરૂ થવાનો મોકો મળ્યો હતો, જેમણે તેમને ભાન કરાવ્યું હતું કે તેમના જીવનમાં તેમનાં સપનાં વાસ્તવિકતામાં ફેરવાઈ શકે છે. ઉપરાંત બાળકોમાં આશા જગાવતાં વિવિધ જિલ્લાઓમાં આરોગ્ય સંભાળ અને સમાજ કલ્યાણ બહેતર બનાવવા માટે પણ ભાર આપે છે. આ પહેલ નિશ્ચિત જ બાળકોની જેમ કલાકારોનો જોશ પણ બુલંદ કરવામાં મદદરૂપ થશે. આ નટખટ બાળકોએ તેમના અમર જોશ અને ઊર્જા સાથે ભરપૂર હકારાત્મક ઊર્જાનું આદાનપ્રદાન કર્યું હતું.

## ઝી ક્લાસિક નવેમ્બર લીજેન્ડરી અભિનેતા, પ્રેમ નાથને સમર્પિત કરે છે



ભલે પછી તે આઈકોનિક ખલનાયક હોય જે કર્ઝ (૧૯૮૦) માં ગ્લાસ ટપટપાવીને વાત કરતો હોય કે પછી સન્યાસી (૧૯૭૫) માં ભયંકર સંત હોય, જયારે પ્રેમ નાથ નામ સાંભળતાં જ, ૭૦ અને ૮૦ ના દાયકામાં દરેક ઘરમાં ત્રાસ વરતાઈ જતો. લીજેન્ડરી અભિનેતા, પ્રેમ નાથની વરસાટિલિટીએ ઘણાં બધા સ્વરૂપોમાં દર્શાવ્યાં – તે ડરામણા ખલનાયક હતાં અને મઝાના કોમેડીયનપણ. નવેમ્બર(જે તેમના જન્મ અને મૃત્યની જયંતિનો મહિનો પણ છે) મહિનાને સમર્પિત કરતાં, ઝી ક્લાસિક, ૧૧મી નવેમ્બર ૨૦૧૭થી શરૂ કરી પોતાના પ્રપોઝિશન વો ઝમાના કરે દીવાના વડે ચાર–અઠવાડિયાનો ઉત્સવ 'પ્રેમ નાથ ફિલ્મ ફેસ્ટિવલ' ના મથાળા હેઠળ દર્શાવશે. ખાસ પહેલના ભાગ રૂપે, ઝી ક્લાસિક દર શુક્રવારે સવારે ૧૦:૩૦ કલાકે એમના પુત્ર, મોન્ટી નાથ દ્વારા નિર્મિત 'અમર પ્રેમ નાથ'ના મથાળા હેઠળ તૈયાર કરવામાં આવેલ સ્પેશ્યલ ફીચર પ્રદર્શિત કરી ત્યાર પછી તરત પ્રેમ નાથની લોકપ્રિય મૂવી દર્શાવવામાં આવશે.

૧૧મી નવેમ્બરથી શરૂ કરી પ્રેમ નાથની અતુલ્ય ફિલ્મ મુસાફરી યાદ કરવા 'પ્રેમ નાથ ફિલ્મ ફેસ્ટિવલ' જોવા ત્યાર પછી સવારે ૧૧:૩૦ કલાકે અમર પ્રેમ નાથ બાયોપિક જોવા ઝી ક્લાસિક સાથે દર શનિવાર જોડાયેલા રહો

## લિનો પેરોઝે 'કવર ચેન્જિંગ બેગ્સ'ની સાથે રજૂ કર્યુ નવું કલેક્શન

**ફોટો : શાંતી શાહ**



પોતાની શાનદાર પૈટન્ટર્સ, શ્રેષ્ઠ કામગીરી, સુંદર રંગો માટે સુપ્રસિદ્ધ બ્રાન્ડ લિનો પેરોઝે મહિલાઓ માટે બેગ્સના નવા કલેક્શન લોન્ચ કર્યા છે. મહિલાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા આંતરરાષ્ટ્રીય વલણ અને કલર્સમાં કલેક્શન રજૂ કર્યા છે. આ બેગમાં તમારી જરૂરિયાતની ચીજો તમારી સાથે લઈ જઈ શકો છો, સાથે જ દેખાવમાં પણ ખૂબ જ આકર્ષક છે. આ કેઝ્યુઅલ અને ફોર્મલ બંને રીતના વસ્ત્રો સાથે શોભે છે. આના ઉત્પાદનોની રેન્જમાં પાંચ અલગ ડિઝાઈન સામેલ છે અને બેગ બે રંગોમાં ઉપલબ્ધ છે.

## સૌરાષ્ટ્રના ખેડૂતોએ આ વર્ષે ધાણાના બદલે ચણા-ઘઉંનું જંગીમાત્રામાં વાવેતર કર્યું

સૌરાષ્ટ્રના ખેડૂતોએ આ વર્ષે ધાણાના બદલે ચણા-ઘઉંનું વાવેતર જંગી માત્રામાં કર્યું હોવાના રિપોર્ટ દરેકસેન્ટરમાંથી મળી રહ્યા છે. ધાણાના ભાવ છેલ્લા ચાર-પાંચ મહિનાથી સતત ગગડી રહ્યા હોઈ અને લગભગદરેક સેન્ટરમાં જુના ધાણાનો હજુ પણ જંગી સ્ટોક પડ્યો હોઈ ખેડૂતોને ધાણા ઉગાડીને મોટી ખોટ જવાનો ભયદેખાય રહ્યો છે. અધૂરામાં પૂરૂ અત્યારે વાતાવરણમાં હજુ જોઈએ તેવી ઠંડી નથી અને પાછોતરો વરસાદ પડ્યોહોઈ રખેને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં વરસાદ પડે તો ધાણાના ઊભા પાકને મોટું નુકશાન જવાનો ભય ખેડૂતોને દેખાય રહ્યો છે. મસાલાની તમામફેક્ટરીઓએ હવે હેન્ડ ટુ માઉથ જ ધાણાની ખરીદી કરવા માગે છે. મોટાભાગની ફેક્ટરીઓ પાસે ચાલુ વર્ષના ધાણાનો જંગી સ્ટોક પડ્યો છે અને તમામ ફેક્ટરીઓવાળાનું માનવું છે કે આખું વર્ષ જ્યારે પણ મસાલા માટે ધાણાની જરૂરત પડશે ત્યારે અત્યાર કરતાં પણ સસ્તા ભાવે ધાણા મળી જશે કારણ કે ખેડૂતો, વેપારીઓ, સ્ટોકીસ્ટો તમામ પાસે ધાણાનો જંગી સ્ટોક પડ્યો છે.

ધાણાના અગ્રણી નિકાસકારના જણાવ્યા પ્રમાણે હાલ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ધાણાનો ભાવ પ્રતિ ટન ૩૫૦ડોલર ચાલુ રહ્યો છે તેની ગણતરીએ અહીં ધાણાનો ભાવ પ્રતિ કિલો ૨૫ રૂપિયા થાય છે.

## મોરપેન લેબ્સનો બેલ્જિયમની વસાલ ફાર્મા સાથે કરાર



મોરપેન લેબોરેટરીઝ લિમિટેડએ ભારતમાં ૧૦૦૦ કરોડના પ્રોબોયોટિક્સ માર્કેટમાંપોતાની સ્થિતિ મજબુત કરવા માટે બેલ્જિયમની વસાલ ફાર્મા ઈન્ટરનેશનલ સાથે કરાર કર્યો છે. ફાર્મા ક્ષેત્રનીબે મોટી કંપનીઓ વચ્ચે કરાર પર આધિકારિક રુપ થી હસ્તાંક્ષર બેલ્જિયમના રાજા અને રાણીની પ્રભાવશાળીહાજરીમાં થયું, જે આ દિવસો ભારતની રાજકીય યાત્રા પર છે. આ કરાર ભારતીય બજારમાં ખાસ કરીને ગેસ્ટ્રોએંટ્રોલોજી ક્ષેત્રમાં મોરપેનના ફોર્મ્યુલેશ પોર્ટફોલિયોનો વિસ્તાર કરશે. પ્રારંભિક રીતે વિતરણ અને માર્કેટિંગના ક્ષેત્રમાં આ એક ખાસ કરાર છે. જોકે આ કરાર અંતર્ગત પોતાની પ્રોડક્ટ્સની સંપૂર્ણ શ્રેણી માટે વિદેશી પાર્ટનર વસાલ ફાર્મા ભવિષ્યમાં દવાઓના વિશ્વસ્તરિય નિર્માણ સંયંત્ર અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફેસિલિટીની સ્થાપના માટે મોરપેનની સાથે ભારતમાં રોકાણ કરી શકે છે.

ભારતીય બજારમાં વસાલ ફાર્માના તરફથી રજુ કરાયેલ ૪ પ્રમુખ પ્રોબાયોટિક્સમાં બેસિલેક ઈન્ફેન્ટિસ, બેસિલેક ઓઆરએસ, બેસિલેક ફોર્ટ અને સિબાલેક્સ સમાવિષ્ઠ છે. વસાલની આ પેન્ટેન્ટ ટેક્નોલોજી પ્રોબાયોટિક્સને પેટમાં નષ્ટ નથી થવા દેતી અને આંતરડામાં જીવિત અણુઓને પહોંચાડે છે, જ્યાં આ એકઠા થઈને ખરાબ જીવાણુઓ સામે લડે છે. જ્યાં બેસિલેક ઈન્ફેન્ટિસનો ઉપયોગ ગંભીરરુપથી સંક્રામક ડાયરિયા, એન્ટીબાયોટિકથી જોડાયેલ ડાયરીયા, નોસોકોમિકલ ડાયરિયા અને બાળકોમાં પેટદર્દની સારવાર માટે કરવામાં આવે છે. બેસિલેક ઓઆએલનો ઉપયોગ ડાયરિયાના મામલે પાણીની અણપની રોકથામ માટે કરવામાં આવે છે. તેના કેટલાક પ્રોબાયોટિક લાભ પણ છે. બેસિલેક ફોર્ટનો પ્રયોગ સંક્રમક થી પેદા થનાર પેટના વિકાર માટે કરવામાં આવે છે. તેનો ઉપયોગ ટ્રેવલર ડાયરિય અને એન્ટીબાયોટિક થેરેપી દરમ્યાન દસ્ત રોકવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. તેનો ઉપયોગ આંતરડામાં હાજર ગેરહાનિકારક સૂક્ષ્મ જીવોથી બચવા માટે પણ કરવામાં આવે છે. સિબાલેક્સ જુના અને ક્યારેક-ક્યારેક થનાર કબજિયાતની સારવારમાં કામ આવે છે. આ દવાથી કબજિયાતની સમસ્યા ખતમ થઈ જાય છે અને પેટ ખુલીને સાફ થાય છે. આ આંતરડામાં ભોજનને આવવા-જવાનો સારો માર્ગ ચાલુ રાખે છે. તેમાં ફાઈબર અને પેન્ટેન્ટ પ્રોબાયોટિક ફોર્મૂલા સમાવિષ્ઠ છે. આ બધા જ પ્રોડક્ટ્સ દર્દીઓની વિભિન્ન સમસ્યાઓનું સમાધાન કરે છે અને સારા જીવાણુઓને આ વિજ્ઞાન સાથે આંતરડામાં પહોચાડે છે જેથી જીવિત જીવાણુ પેટમાં પોતાની રીતે નષ્ટ ન થઈ જાય. એથી ડોક્ટર તરત જ પરિણામ પ્રાપ્ત કરવા અને દર્દીઓને જલ્દી સાજા થવા પ્રત્યે આશ્વસ્ત કરે છે.

## મેક્સ બુપા દ્વારા ભારતમાં આ પ્રકારનું પહેલા એનીટાઈમહેલ્થ મશીનની દેશમાં આરોગ્ય વીમાનાપ્રવેશને પ્રોત્સાહન આપવા રજૂઆત

ફરી એકવાર ભારતીય હેલ્થ ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રી માટે પહેલીવાર, મેક્સ બુપા – ભારતની એક અગ્રણી હેલ્થઈન્સ્યોરન્સ પ્લેયર – એ આજે મેક્સ બુપા એનીટાઈમહેલ્થ (એટીએચ)ની રજૂઆત ની જાહેરાત કરી છે. એટીએચ એ મેક્સ બુપાનો નવીનતમ નવી ટેક્નોલોજી-આધારીત સોલ્યુશન છે જે ગ્રાહકોને ત્વરીત હેલ્થ એસેસમેન્ટ રન કરવા અને હેલ્થ ઈન્સ્યોરન્સ કવર ખરીદવાની પરવાનગી આપશે - માત્ર ૧૮૦ સેકન્ડમાં. ઈન્સ્યોરન્સ ખરીદીની સફર ને સરળ બનાવી ભારતમાં જે રીતે લોકો હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદી રહ્યાં છે તેમાં ક્રાંતિ લાવી રહ્યાં છે, મેક્સ બુપા એટીએચ મશીન્સ ગ્રાહકોને તેમના માટે હેલ્થ એસેસમેન્ટની શરૂઆત કરવા દેશે, સાચો હેલ્થ ઈન્સ્યોરન્સ પ્લાન પસંદ કરવા દેશે અને ત્રણ મીનીટમાં પોલીસી ડોક્યુમેન્ટ સાથે પ્રક્રિયા પુરી કરીને જવા માટે શક્ય બનાવશે. ભારતમાં હેલ્થ ઈન્સ્યોરન્સમાં તીવ્ર વધારાને ધ્યાનમાં રાખીને, એટીએચ મશીન્શ એવા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવ્યા છે જેઓ હેલ્થ ઈન્સ્યોરન્સ ને વધુ ગુંચવણભર્યું માને છે, કે જેમને સમય નથી મળતો, અથવા ઈન્સ્યોર કરવું એ તેમના સ્વાસ્થ્ય જેટલું જ મહત્વ છે તેમ માટે પ્રેરણા નથી મળતી તેના માટે છે. મેક્સ બુપા પ્લસ સર્વે જે ૨૦૧૭ની શરૂઆતમાં હાથ ધરવામાં આવ્યો હતો તેના મુજબ, લોકો હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા માટે કે તેને રિન્યુ કરાવવા માટે ડિજીટલ મીડીયમ અને પ્લેટફોર્મસ તરફ વળ્યાં છે. જ્યારે ૪૭% જવાબ આપનારાઓ એ ઓનલાઈન હેલ્થ ઈન્સ્યોરન્સ રીન્યુ કરાવે છે તેમ પસંદ કર્યું હતું, જ્યારે ૧૩% એ જણાવ્યું હતું કે તેઓ હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા માટે ઓનલાઈન જશે. તે કેવી રીતે કામ કરે છેમેક્સ બુપાની એનીટાઈમહેલ્થ એ સંપુર્ણ ઓટોમેટેડ, ટેક્નોલોજી આધારીત મોડલ છે જેમાં જાગૃતતા થી ખરીદી સુધીની સફરની એકીકૃત સરળ ઈન્ટરફેસ રજૂ કરે છે, જે ઘણા

## અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારાસ્નેહ મિલન / ઈનામ વિતરણ

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ તરફથી પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે સવંત ૨૦૭૪ નવા વર્ષના પ્રારંભ નિમિત્તે તારીખ ૧૨ નવેમ્બર, ૨૦૧૭ ને રવિવારના રોજ લોકોનું સંગઠન વધે તથાએકબીજાના પરિચયમાં આવે તે હેતુથી "સ્નેહ મિલન" કાર્યક્રમનું આયોજનવાસણા (મ્યુ.) પાર્ટી પ્લોટ, જી.બી.શાહ કોલેજની બાજુના ખાંચામાં, ટોરેન્ટ પાવર સ્ટેશનની આગળ, રીવર ફ્રન્ટ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ ખાતે બપોરના ૩-૦૦ વાગે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬ ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૧ થી ૧૨ ના,સ્નાતક તેમજ અનુસ્નાતકના તથા જુનીયર કે.જી. / સીનીયર કે.જી. (અમદાવાદ ઘટકના) અને ધોરણ ૧૦ તથા ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ) ના (રાજ્યકક્ષાના) મેરીટ પ્રમાણે પ્રથમ ૧ થી ૩ ક્ર્માંકેઆવનાર વિવિધ જિલ્લાના બારશાખ જ્ઞાતિના તેજસ્વી વિધાર્થીઓને /તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે તથા સાંસ્કૃતિક કાર્યક્રમનુંઆયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પરિવાર પરિચય પુસ્તિકા અને સમાજની વેબસાઈટ www. ambaraj.com નું વિમોચન કરવામાં આવશે. વર્તમાન સમયમાં વિવિધ સમાજમાં સમાજ સંગઠીત થઈ પોતાનાસમાજની વિવિધ બાબતો અર્થે સંમેલન મળી રહ્યું છે, તેમાં યુવા સંગઠન,સમાજના વિવિધ આગેવાનો દ્વારા સંગઠીત થઈ આવનાર દિવસોમાં સમાજની સંગઠીત શકિત નિર્ણાયક સાબિત થશે.

## ફ્લિપકાર્ટ દ્વારા મેડ ફોર ઈન્ડિયા બિલિયન કેપ્ચર+ સ્માર્ટફોન લોન્ચ કરાયો



ભારતનું સૌથી વિશાળ ઈ-કોમર્સ મંચ ફ્લિપકાર્ટ દ્વારા આજે તેનો પ્રથમ મેડ ઈન ઈન્ડિયા સ્માર્ટફોન બિલિયન કેપ્ચર+ લોન્ચ કરાયો હતો, જે ભારતીય ગ્રાહકોની અજોડ જરૂરતોને પહોંચી વળવા માટે ખાસ લોન્ચ કરાયો છે. બિલિયન કેપ્ચર+ ભારતમાં ડિઝાઈન, એન્જિનિયર્ડ, ઉત્પાદન અને પરીક્ષણ કરાયો છે. તે ફ્લિપકાર્ટના પ્રાઈવેટ લેબલ બિલિયનનો હિસ્સો છે અને ૧૫ નવેમ્બરથી ફ્લિપકાર્ટ પર ખાસ વેચાણમાં મુકાશે.બિલિયન કેપ્ચર+ની સમૃદ્ધ રૂપરેખા ફ્લિપકાર્ટ પર લાખ્ખો ગ્રાહકોના રિવ્યુઝનું વિશ્લેષણ કર્યા પછી સાકાર કરાઈ છે, જે ગ્રાહકોની આકાંક્ષાઓ અને બજારમાં હાલ ઉપલબ્ધ છે તે ઓફર વચ્ચેનું અંતર દૂર કરે છે. બિલિયન કેપ્ચર+માં ટોચની કક્ષાના ફીચર્સ છે, જે સામાન્ય રીતે ફ્લેગશિપ સ્માર્ટફોન્સ માટે આરક્ષિત હોય છે, જેમ કે ૧૩ઍ + ૧૩ઍ રિયર કેમેરા, ક્લિક ચાર્જ સાથે લાંબી ટકાઉ બેટરી, ઉત્તમ મલ્ટીટાસ્ટિંગ સાથે શક્તિશાળી સ્નેપડ્રેગનન ૬૨૫ ઓક્ટા- કોર પ્રોસેસર, હાથ ધરવામાં આસાન કર્વ્સ સાથે પ્રીમિયમ મેટલ બોડી અને પાછળ ઉપયોગ માટે આસાન ફિંગરપ્રિંટ સેન્સરનો સમાવેશ થાય છે. બિલિયન બ્રાન્ડની પ્રોડક્ટો હંમેશાં ઊંડાણથી ડેટા પ્રેરિત સંશોધન અને ભારતીય ગ્રાહકોની જરૂરતોનો ઊંડાણથી અભ્યાસ કરીને સાકાર કરવામાં આવે છે. કેપ્ચર+માં ફીચર્સ પણ ફ્લિપકાર્ટના લાખ્ખો ગ્રાહકોના રિવ્યુઝના ઊંડાણથી ડેટા- માઈનિંગ પરથી પ્રેરિત છે. જૂજ અસલી ડ્યુઅલ કેમેરા ફોન્સ ફ્લેગશિપ ફીચર્સનું આવું સંયોજન આપે છે.

## ઝી ટીવીના વો અપના સામાં મોટું રહસ્યોદઘાટન



ઝી ટીવીનો લોકપ્રિય ફિક્શન શો 'વો અપના સા'એ ગહન ડ્રામા અને રસપ્રદ પ્લોટ ટિવસ્ટસ વડે દર્શકોને પોતાના ટેલિવિઝનના પડદાઓ પર ચોંટાડેલા રાખ્યાં છે. પુર્નજન્મનાપુર્નજન્મના વર્તમાન ટ્રેકમાં, શોના નાયક આદિત્ય (સુદીપ સાહીર) અને જહાનવી (દિશા પરમાર) અર્જુન અને જિયા તરીકે પુન: જન્મેલાં છે ઘુમાવો અને વળાંકો દર્શકોને પોતાની સીટસ પર અદ્ધર રાખશે કેમ કે બન્ને પોતાના પોતાના અગાઉના જન્મમાં પોતાના મૃત્યુનો બદલો લેવાના ક્રમમાં હાથ મિલાવશે. આથી હવે કપટી નિશા(માનસી સાલવી) જેણે કાવતરું રચ્યું હતું અને આદિત્ય તથા જહાનવીની હત્યા થઈ હતી તેના માટે પાછું ચૂકવવાનો વારો છે. . જિયા પોતાના ભૂતકાળને ખોદી કાઢે છે, તો તેણીને જાણ થાય છે કે પોતાના અગાઉના જીવનમાં પોતે જહાનવી હતી અને ફરીથી જન્મ એટલા માટે લીધો છે કે નિશા અને સમર(આશીષ શર્મા) ને તેઓના અપરાધો માટે સજા હાપી શકે. આ વીકએન્ડ પર, દર્શકો માટે બમણી ઊજાણી હશે કેમ કે શનિવાર, ૧૧મી નવેમ્બરના રોજ રાત્રે ૧૦ કલાકે એક કલાક લાંબા મહાએપિસોડમાં મોટું રસ્યોદઘાટન થવાનું છે. મહા એપિસોડમાં, નિશા ખાસ પાર્ટી આપે છે જયાં ચારેવ પાત્રો, જિયા, અર્જુન, નિશા અને સમર ગેમ્સના જાળામાં ફસાય છે અને પોતાના સ્વાર્થી હેતુઓથી કપટ કરે છે. જહાનવીના ભૂત તરીકેનો અભિનય કરી નિશાને ડરાવવામાં સફળ થયેલ, જિયા નિશા પાસેથી વચન લે છે કે તેણીપાર્ટીમાં અપરાધને કબૂલ કરશે અને ચિન્ની (છવી સરાફ) ના નામે સંપત્તિ ટ્રાન્સફર કરી દેશે જયારે આ પાર્ટી પાછળ નિશાનો એક માત્ર હેતુ જહાનવીના ભૂતને સપડાવવા તથા તેને મુક્તિ આપી દેવાનો હતો. દરમ્યાન, સમર જિયાનુ સત્ય જાણે છે અને તેણીને પોતાની સાથે એક રાત ગાળવા બ્લેકમેલ કરે છે નહીં તો પોતે તેણીને નિશા સામે ખુલ્લી પાડી દેશે. બીજી બાજુએ, અર્જુન જે નિશાની સંપત્તિ પર નજર રાખે છે તે નિશાને જિયાની યોજના બાબતે જણાવી તેણીનો ભરોસો જીતવા પ્રયાસ કરશે. જો કે, દરેક પાત્ર પોતાના કપટી પ્લાન્સને બહાલ કરવા તરફ કાર્ય કરી રહેલ છે, મોટો વળાંક તેઓને આંચકો આપી ટેબલને ગોળ ફેરવી નાંખનાર હશે! આ મોટું રહસ્યોદઘાટન શું છે તે જાણવા, 'વો અપના સા'નો મહા એપિસોડ શનિવાર ૧૧મી નવેમ્બરના રોજ રાત્રે ૧૦ કલાકે ઝડપી પાડો ફક્ત ઝી ટીવી પર!

## સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત ભારતનો સૌથી મોટો જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન

અમદાવાદ

સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન ૨૪ ડિસેમ્બર,૨૦૧૭ના રોજ સોલા ભાગવત, વિદ્યાપીઠ ખાતે થઈ રહ્યું છે. જેમાં ૪૦૦૦ કરતાં વધારે રજીસ્ટ્રેશનો થઈ ચુક્યા છે. આ સમાજના ટ્રસ્ટી શ્રી જાગૃતિબેન મનિષભાઇ ત્રિવેદી જણાવે છે કે " જ્યાં સમાજમાં 'બેટી પઢાઓ, બેટી બચાઓ'ના હેતુને ધ્યાનમાં રાખી આ સંમેલનનો લાભ દિકરીઓ માટે નિ:શુલ્ક છે. આ જીવનસાથી પસંદગી સંમેલનનો લાભ દરેક બ્રાહ્મણને મળે તે હેતુથી આ તૃતીય ભવ્ય સંમેલનનું આયોજન સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે".નોટ : રજીસ્ટ્રેશન કરવાના જુજ દિવસો વધેલ છે વધુ માહિતી માટે અને રજીસ્ટ્રેશન કરાવવા માટે સંસ્થાનો સંપર્ક કરવો. www.hellobrahman.com

એક સજ્જન પોતાના દોસ્તોની મીટીંગમાં જાહેરાત કરી રહ્યા હતા.

હવે મારી બધી જ ખરાબ આદતો છુટી ગઈ છે. મેં શરાબ પીવાનું છોડી દીધું છે, લોકો પાસેથી ઉધાર પૈસાને હજમ કરવાનું છોડી દીધું છે. આખી રાત ઘરેથી ગાયબ રહેવાનું છોડી દીધું છે..પણ...

પણ શું..? દોસ્તોએ એકદમ ઉભા થઈ જતાં પુછ્યું..

ગરદન નીચી કરીને એ સજ્જન બોલ્યાં પરંતુ આાજકાલ હું જુઠું ખુબ જ બોલી રહ્યો છું.

૦૦૦૦

ભિખારી : શેઠજી આ લંગડા ભિખારીને પાંચ રૂપિયા આપો ને?

શેઠ : અરે ભીખ શા માટે માગે છે ? મહેનત શા માટે નથી કરતો ?

ભીખારી : શેઠજી તમે કયારેય ભીખ માગી છે ?

શેઠ : ના, કેમ ?

ભિખારી : તો તમને શું ખબર કે મહેનત કોને કહેવાય ?

૦૦૦૦

ગુસ્સામાં જઈ રહેલા પતિને પત્નીએ પુછ્યું કયાં જાવ છો ?

પતિ : આપઘાત કરવા.

પત્ની : પાછા આવો તો એક કિલો બટાકા લેતા આવજો..

૦૦૦૦૦૦

મમ્મી : તમારા કરતાં તો આ કુતરાં બીલાડા સારાં તમારી જેમ અંદર અંદર લડતાં તો નથી ?

પપલુ : મમ્મી અમારી જેમ અમને એક કમરામાં બેસાડીને તો જો..

૦૦૦૦૦



# મધુવન

**'કોઈ ભીનાં કેશ લુછે છે પણે**
**રોમે રોમે હું અહીં ભીંજાઉં છું'**

શીર્ષક શે'ર માં કરશનદાસ લુહાર 'નિરંકુશ' નિરંકુશ થઈ જાય એવી વાત કરે છે. વહેલી સવારે સ્નાનાદિથી પરવારી પોતાના વાળને ઝટકાવતી ઓળાવતી સવારતી, સજાવતી સનમના શરીર ઉપર પાણીના છાંટા ફુલો પરના ઝાકળની જેમ ચળકતો હોય છે. કેશમાંથી ઉડતી પાણીની એ ફુઆર કોઈપણ પ્રેમીના હૃદયમાં સ્પંદનોના સઘળા તાર એક સાથે ઝણઝણાવી મુકે છે. ઝાટકો મારીને એ અનોખી અદાથી પોતાના વાળને આગળ લાવે છે ત્યારે એના આ શરીરમાં એક અદ્‌ભૂત રોમાંચિત આનંદની લહેર દોડી જાય છે. કામણગારા દેહની એ અદાઓ અને કેડના કાટકાથતા હોય એવું એ અદ્‌ભૂત દ્રશ્ય સામાન્ય માણસને કવિ કે શાયર બનાવી દે છે. એવા સમયે જ પોતાના પ્રેમીજનનું જોઈ જવું, લજ્જાથી લાલ લાલ થઈ જતી એ કામણગારી કાયા અને શરમથી ઢળી પડતાં પાંપણો એ માંસલ પીઠ માટે માત્ર હૃદય એક જયોગ્ય પાત્ર છે. શબ્દો સઘળા ખુટી પડે છે, શરમાઈ જાય છે, ટાંચા પડે છે, મજબુર થઈ જાય છે અને પોતાની હાર સ્વીકારી લે છે. કારણ કે આવી અદ્‌ભૂત ક્ષણોને આલેખવાની શક્તિ શબ્દોમાં હોતી નથી. દુરથી ઉડતા પાણીના છાંટાઓ પ્રેમીજનને દુર પણ તરબતર કરી નાખે છે, ભીંજવી નાખે છે, ગળાડુબ કરી નાખે છે એ સનમની ઝૂલ્ફોનો જાદુ છે.

**'ભુલથી છેડી કોઈની ઝુલ્ફ કેરી દાસ્તાં**
**એક માઝમ રાવને પાગલ કરી બેઠા અમે'**

ગઝલસમ્રાટ સ્વ.શૂન્ય પાલનપુરી સાહેબ પણ ઝુલ્ફની વાત છેડતાં જ પાગલ થઈ જવાની વાત કરે છે. આમ ભલે લાગતુ હોય કે કોઈની ઝુલ્ફ સાથે ખેલવું સહેલું છે કોઈની ઝુલ્ફમાં વસવું સહેલું છે પણ સનમની ઝુલ્ફ સાથે ખેલવામાં જાનનું જોખમ રહેલું છે અને જોખમી કામ જ જીવનનો અનેરો આનંદ આપે છે. શાયરને કોઈ ઝુલ્ફની વાત કરે છે ત્યારે એમની આખી રાત પાગલ થઈ જાય છે.

**'હું તો શાએર, મારો મજહબ છે રૂપાળાં ચ્હેરાં,**
**ઝુલ્ફ વિખેરાય તો એની હું રજુઆત કરૂં..'**

'સૈફ પાલનપુરી' ના આ શે'ર માં શાયરના સ્વભાવની વાત થઈ છે. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે 'સુંદર દેખાતો ચહેરો એટલે પરમેશ્વરે પાઠવેલી ભલામણ ચિઠ્ઠી' કવિ, લેખક, શાયર, ચિત્રકાર કે કલાકારને સનમની ઝુલ્ફોનું વર્ણન કરવું ગમે છે. આવું જ વર્ણન કર્યુ છે એક ગઝલકારે જુઓ :

**'ઘુંઘટ ખુલ્યો અહે અને ઉઘડી હશે સવાર**
**ઝુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે'**

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે.. આદીલ મન્સુરીની આ પ્રખ્યાત ગઝલનો શે'ર છે.. શાયરની કલ્પના ખુબ જ અદ્‌ભૂત છે. ઘુંઘટ ખોલવાની એ ક્ષણને શાયરે ઉઘડતી સવાર સાથે સરખાવી છે. જ્યારે ઝુલ્ફોને ઢળતી સાંજની લાલીમા સાથે ઢળતી સાંજના એ અનોખી અનુભૂતિ સાથે સરખાવતાં કહ્યું છે કે, પછી રાત થઈ હશે..

**'સદ્‌ભાગ્ય છે કે કેદ મળી એના ઝુલ્ફની**
**મારો હવે આ વિશ્વમાં ઉંચો મુકામ છે'**

ગઝલ સમ્રાટ 'બેફામ' ના આ શે'ર માં ઝુલ્ફોની કેદ વિશે વાત થઈ છે. આમ જુઓ તો બધા કેદ જ છે. કોઈ પૈસાના, પદના, પ્રતિષ્ઠાના પણ માત્ર પ્રેમીઓ જ એ જગ્યા મેળવી શકયાં છે. જેને શાયર ઉંચામાં ઉંચું સ્થાન કહે છે. આજના આધુનિક જમાનામાં મળતાં પરફ્યુમો, અત્તરો વગેરે ખુબ ઉત્તેજક અને શરીર માટે ખુબ હાનીકર્તા છે ત્યારે ગઝલસમ્રાટ ઘાયલે ખુબ સરસ વાત કરી છે.

**'ઝુલ્ફો ય કમ નહોતી લગારે મ્હેંકમાં**
**મૂર્ખા હતા હકીમ કે અત્તર સુધી ગયા'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

# મારો મામો

એક સુંદર મજાનું નગર હતું આ નગરનું નામ ગોપાલ નગર તરીકે જાણીતું હતું. આ ગામમાં સૌથી વધારે વસ્તી ભરવાડોની હતી. માટે તે ગોપાલનગર તરીકે જાણીતું હતું. માટે આ ગામ નગર તરીકે જાણીતું બન્યું હતું.

આ ગામમાં એક મામા ભાણેજની જોડી એટલે આખા નગર અને આજુબાજુ તેમજ સમાજમાં આ મામા ભાણેજની જોડી વખણાતી આ મામા ભાણેજ એટલા સંપીલા હતા કે ન પુછો વાત. આ ભાણેજ મામાને લાડમાં મારો મામો એમ કહીને બોલાવતો તો વળી મામ પણ ભાણેજને મારો ભાણીયો એમ કહીને બોલાવતા.

આ ગામમાં સૌ બધા પણ આ બે જણા પાસેથી આ સંપની અનોખી જોડી સૌ કોઈ જોઈને વાહ મામા ભાણેજની જોડી એમ બોલાઈ જતું.

આ આખા નગરમાં મામા-ભાણેજ જાણીતા હતા. જે તેમનામાં વિશેષ સંપનું કારણ હતું. આમ આ મામા પાસેથી આપણે પણ એવું શીખવું એમ દરેક ગામ નગર લોકો બધાને સમજાવતા.

મિત્રો આપણે પણ આવા મામા જેવા બનીએ અને સારા ભાણેજ જેવા પણ બનીએ.

**-ઠાકોર બાબુભાઈ પોપટજી (ધરાધરાવાળા)**

## ઉર સંવેદના

જ્યાં જ્યાં મિત્રો ગયા અમે,
સંબંધો બધે બહાર મળ્યા
વિશ્વાસ જેના પર હતો જોજો,
તેમનાં જ હૈયાં પડતર મળ્યા
જીવનમાં તો ઘણાની ઓળખ થઈ
બહુ ઓછા હતા જે ખડતલ મળ્યા
અમે બધે વહેવાર વાવ્યો તો પણ
દોસ્તો દિલથી અધ્ધર મળ્યા
તોય જીવન તો જીવાયું રાજગોર
કેમ કે પાડોશી બધે સધ્ધર મળ્યા

**વિષ્ણુ આર.રાજગોર** (ડેડાવા)

# સંતની ચરણરજ

એક વાર બે સંન્યાસીઓએ વ્રત લીધું કે આપણે આખો જન્મારો બધા તીર્થધામોની જાત્રા કર્યા કરવી, રસ્તે રાતવાસો રહેવાનો વખત આવે ત્યારે જે માણસે કયાંય પણ જાત્રા કરી હોય તેને ત્યાં જ ઉતારો કરવાનો અને ભોજન પણ એવા જ માણસોનું સ્વીકારવું.

એક વખત ફરતાં ફરતાં તેઓ એક ગામમાં આવી પહોંચ્યા.. સાંજ પડી ગઈ હતી. એટલે એ ગામમાં રાતવાસો કરવાનું તેઓએ વિચાર્યુ.

ગામના લોકોને તેઓએ પુછ્યું, ભાઈઓ, અહીં કોઈ સાધુપુરૂષ રહે છે ? અમારે તો જેણે જાત્રા કરી હોય એવા ધર્મપરાયણ માણસનું જ કામ છે.

લોકોએ ગામના છેવાડે આવેલી નાનકડી ઝુંપડી બતાવીને કહ્યું, બાવાજી આપ પેલે ઘેર જાઓ. એ ઘર પોતે જ જાત્રાના ધામ જેવું છે.તેમને ત્યાં તમને બધી જ સગવડ મળી રહેશે.

સંન્યાસીઓ તો એ ઘેર ગયા. ઘણા લોકોએ એ જ ઘર બતાવેલું હોવાથી કશી પુછપરછ કર્યા વિના તેઓએ ત્યાં રાતવાસો કરવાનું નક્કી કર્યુ.

એ ઘરમાં રહેતા ભગતે બંને સંન્યાસીઓનું સ્વાગત કર્યુ અને તેઓને પેટ ભરીને જમાડયા. ભગતે પછી આંગણામાં પથારી પાથરી આપી. સંન્યાસીઓએ કહ્યું, ભગત હજી હમણાં જ આપણે જમ્યા છીએ તો થોડીવાર બેસીને સત્સંગ કરીએ.

વાતમાં વાતમાં સંન્યાસીએ કહ્યું, ભગત તમે કાશીમાં આવેલો મણીકર્ણિકાનો ઘાટ જોયો હશે ત્યાં બેસીને અમે કેટલાય દિવસો સુધી ભગવદ્ ભજન કર્યુ હતું.

ભગત કહે, 'ભાઈઓ હું તો હજી કાશી ગયો જ નથી !'

સંન્યાસીએ કહ્યું, તો પછી તમે રામેશ્વર તો ગયા હશો !

ભગત કહે.. ના..જી...સંન્યાસીઓ જરા ખચકાયા અને વિચારમાં પડી ગયા. તેઓ મુંઝાઈને પુછવા લાગ્યા : તો પછી દ્વારકા તો ગયા જ હશો. ખરૂં ને ?

ભગત નમ્રપણે બોલ્યા, ના ભાઈ ના હું તો કયાંય જાત્રાએ ગયો નથી. મારૂં તો તીરથ આ ઘર જ છે. ઘરડાંઓની, અપંગોની, રોગીઓની સેવા કરવી, ધન-ધરમ કરવાં અને ભગવાનનું ભજન કીર્તન કરવું એ જ મારે મન સાચી જાત્રા છે. આ સાંભળીને પેલા સંન્યાસીઓ અકળાઈ ઉઠયા, અને મનમાં વિચારવા લાગ્યા કે, અરેરે ! આજે અમારૂં વ્રત તુટી ગયું. આ માણસે જાત્રા નથી કરી અને અમે એમના ઘરનું ભોજન લીધું. હવે શું થાય ? વળી આ ભગત પ્રેમાળ અને ભલા હોવાથી એકદમ અહીંથી ચાલ્યા જવું પણ સારૂં ના લાગે. હવે શું કરવું ? આ તો આફત આવી પડી ?

સંન્યાસીઓએ કહ્યું, સારૂં ત્યારે ભગત હવે તમે સુઈ જાઓ. અમે પણ સુઈ જઈએ છીએ.

બંને સંન્યાસીઓ સવાર પડવાની રાહ જોવા લાગ્યા અને મનમાં વિચારવા લાગ્યા કે કયારે સવાર પડે અને અમે અમારો જીવ બચાવીને ભાગી જઈએ.

એવામાં મધરાતના સમય થયો. ત્યાં એક કાળી ગાય આંગણામાં આવીને ઉભી રહી.

સંન્યાસીઓ જાગતા પડયા હતા. તેઓ મનમાં વિચારવા લાગ્યા કે રાતના સમયે આ ગાય અહીંથી કયાંથી ભુલી પડી ?

એટલામાં એક બીજી કાળી ગાય ત્યાં આવીને ઉભી રહી અને થોડીવારમાં તો ત્રીજી, ચોથી, પાંચમી એમ વીસ પચ્ચીસ ગાયો ત્યાં આવીને ઉભી રહી.

બધી જ કાળી રંગની ગાયોને આંગણામાં ભેગી થયેલી જોઈને પેલા સંન્યાસીઓ તો ખુબ નવાઈ પામ્યા.

પછી થોડા વખત બાદ બધી ગાયો એ ઘરના આંગણામાં આળોટવા લાગી અને ત્યાં તો બધી કાળી રંગની ગાયોનો રંગ બદલાઈને સફેદ થઈ ગયો.

સંન્યાસીઓ તો ફાટી આંખે આ દ્રશ્ય જોઈ રહ્યા હતા. તેઓને મનમાં થયું કે જરૂર આ ગાયો દૈવી લાગે છે. એટલે તેઓ સફાળા ઉભા થઈને પેલી ગાયો પાસે જવા દોડયા. ત્યાં તો એ ગાયો એક પછી એક અદ્રશ્ય થઈ ગઈ.

પણ એક ગાય જ્યાં અદ્રશ્ય થવાની તેયારી કરતી હતી ત્યાં જ પેલા સંન્યાસીઓએ તેના પગ પકડીને વિનંતી કરવા લાગ્યા કે ગાય માતા આપ કોણ છો ? અહીં આવીને આ ધુળમાં શા માટે આળોટયા ? અને આપનો રંગ અચાનક કાળામાંથી ધોળો શી રીતે થઈ ગયો ? કૃપા કરી આપ અમને એ સમજાવોને..!

ત્યાં તો ગાય મૈયાને વાચા ફુટી તે બોલ્યા, અમે તો આ પૃથ્વી પરના તીર્થધામો છીએ બધા લોકો આવીને અમારે ત્યાં પોતાના પાપોનો મેલ ધોઈ જાય છે તેથી અમે મલીન થઈ જઈએ છીએ. અમારી એ જ મલીનતા ધોવાનું આ જગતમાં એક જ સ્થાન છે અને તે છે સંતનું આંગણું. એટલે અમે સંતને આંગણે આવીને સંતની ચરણરજમાં આળોટીએ છીએ. આમ કરવાથી અમે પાછાં પવિત્ર થઈ જઈએ છીએ.

આટલું બોલીને ગાય માતા અદ્રશ્ય થઈ ગયા. પેલાં સંન્યાસીઓ તો આ જોઈને સ્તબ્ધ થઈ ગયાં.

બીજા દીવસની વહેલી સવારે પેલા સંત પાસે જઈને તેમને પગે પડયા.આ જોઈતે ભગત કહેવા લાગ્યા, અરે અરે તમે આ શું કરો છો ?સંન્યાસીઓ કહેવા લાગ્યા 'હે સંતપુરૂષ અમે આપને સમજી શકયા નહોતા. આપ તો ખરેખર વંદન કરવા યોગ્ય છો. ત્યારબાદ સંન્યાસીઓ ભગતના આશીર્વાદ લઈને આગળ વધ્યા..-કમલેશ કંસારા **-કમલેશ કંસારા**

## ચકીબેન

ચકીબેન ચકીબેન ચકીબેન
કેવા રૂપાળાં ચકીબેન
ભોળા નાજુક ચકીબેન
આંગણામાં રમતાં ચકીબેન
ચીં ચીં વાતો કરતાં ચકીબેન
કાચમાં મુખ જોતાંચકીબેન
પાંખો ફેલાવી ઉડતાં ચકીબેન
હવે ભુલાતાં જતાં ચકીબેન
લુપ્તને આરે ઉભા ચકીબેન

**રાજેશ બારૈયા** (બોરડા)

# નાદાર નન્નેખાન અને સમજુ ગધેડા

અધમપુર નામે એક નાનકડું ગામ. ગામની મોટાભાગની પ્રજા ખેતી અને ખેતમજૂરી કરી જીવતી હતી.પ્રજામાં ખૂબ સારો કોમી એખલાસ જોવા મળતો. ગામના દરેક તહેવારો હિન્દુ-મુસ્લિમ ભાઈ ભાઈની ભાવનાથી ઉજવતા એ અધમપુરગામની સૌથી મોટી અચરજ પમાડે તેવી અજીબો ગરીબ કથા એ પણ એક યાદગાર પ્રસંગ બની જાય છે.અધમપુર ગામના પઠાવાસમાં તેમના એક આગેવાન નન્નેખાન અને બીજા કેટલાક ભાઈઓના મળીને લગભગ પચાસેક ઘર આવેલાં છે તેમાંથી આઠ દસ ભાઈઓ ગધેડા રાખવાનો વ્યવસાય કરતા બાકીના ચાળીસેક ભાઈઓ ખેતી અને ખેતમજૂરીના પૂરક વ્યવસાય કરતા હતા.

ગામના મુખી મેઘાજી સેજપાલના નવા મકાન માટે રેતી-માટી-ઈંટો અને ચુનો તાણી લાવવાનું તમામ કામ આ ગામના આગેવાન નન્નેખાનને શિરે આપ્યું હતુ. નન્નેખાન પાસે નવ ગધેડા અને તેમના ભાઈ સમજુખાન પાસે ચૌદ ગધેડા મળી કુલ ત્રેવીસ ગધેડાને મુખીના ઘરના સામાનની હેરા ફેરી કરવાનું ખાસ કામ આવી ચડ્યું.

રોજ સવારનાં નન્નેખાન વાડામાંથી બે ભાઈનાં ગધેડા બહાર લાવી તેમને નિરલ આપી પોઠ મૂકીને તૈયાર કરતા બે પહોર દહાડો ચડે એ પહેલાં નન્નેખાન અને તેમના ભાઈ નદીઓર દરવાજે પહોંચી જઈને રેતી અને કપચી તાણી લાવતા-મુખીના ઘરના કામકાજ માટે બેઉ ભાઈઓ ખડે પગે કામ કરતા નદીથી ગામનું અંતર લગભગ બે અઢી કિલોમીટર હતું. રોજના આ ગધેડા બપોર પહેલાં ચાર-પાંચ ફેરા કરી આવતા આ કામ લગભગ બે ત્રણ માસ સુધી રૂટિનની જેમ ચાલ્યું.

એક દિવસ નન્નેખાનને વિચાર આવ્યો.. "લાવ આ ગધેડા કેટલા વફાદાર છે તે ચેક કરી લઉં"... ગધેડાની પીઠ ઉપર તેમણે પહેલાં કરતાં ઓછું વજનનું કાર્ટિંગ કરી કામ શરૂ કર્યુ.. પીઠ ઉપરનો બોજો હળવો અને ઓછો થતાં એકાદ બે બુઝુર્ગ ગધેડા હતા એ વિચારવા લાગ્યા.. "અલ્યા આપણા આ માલિક હવે મને લાગે છે તેમ કંઈક બદલાઈ ગયા છે." 'ઈમાન અને નેકી ભૂલતા હોય એવું લાગે છે".. આટલું પુરૂ થાય એ પહેલાં બાકીના તમારા ગધેડાઓએ માથું હલાવી હણહણાટી કરી વડીલ ગધેડાને ટેકો આપતા હોય તેવી રજૂઆત શરીરના હાવભાવથી કરી..લગભગ બીજા મહિનાનો આ બીજો દિવસ હતો.. નન્નેખાનની આ એક નાદારી જેવી રીત રસમ હાઈ મુખીના માણસો બોલ્યા:'અરે,ભાઈ નન્નેખાન આ બે તત્ર દિવસથી તમામ ગધેડાંની પીઠ ઉપર રેતી-કપચી જેવો સામાન પહેલા કરતાં ઓછો જણાય છે, 'શું ત્યાં નદીમાં કે આજુબાજુ રેતી-કાંકરી કપચીનો પૂરવઠો ઓછો થયો છે કે શું ?

નન્નેખાન બોલ્યા:'ના બાપુ એવું નથી.. અમારા આ ગધેડા આવું કામ બે ત્રણ મહિના સુધી કરે તો થાકી જવાની પૂરી દહેશત જેવું મને લાગ્યું એટલે દરેક પોઠમાં અમે એકાદ-બે તબકડાં ઓછું ભારણ કરી દીધું છે.. બાકી કંઈ ખાસ નથી.

નન્નેખાનની આ વાત સરળતાથી સમજાય તેવી ન ઈનગી એટલે ત્રેવીસ ગધેડાને એકી અવાજે હોંચી-હોંચી-હોંચી કરવા લાગ્યો, નન્નેખાનને આ ગધેંડાની તરકીબ જોઈ વિચાર આવ્યો..'અલ્યા મારું નિરલ ખાઈને તમે મારા જ ઘરના વિરૂદ્ધ આવી બૂમબરાડા મચાવો એ બરાબર છો ? મુખીના માણસો નન્નેખાનનો ચહેરો જોઈ સમજી ગયા ખરેખર તેની નાદારી છતી થઈ જાય એવો આ પ્રસંગ ગધેડાંએ ઉભો કર્યો.. પોતાના કરેલા કામ ઉપર એ પશ્ચાતાપ કરવા લાગ્યો..'પણ હવે એ શું કરે ?'આ તમામ વાતની અચાનક બાતમી મુખીને મળી એટલે મુખી ત્યાં આવી ગયા.. નન્નેખાનને કહ્યું' ભાઈ તમારા કામનો બધો હિસાબ આવતીકાલે મને આપજો.. હું તમારી મહેનતનો હિસાબ આપી દઈશ.સમજું ગધેડાઓએ નન્નેખાનની નાદારી પોતાની ભાષામાં જાહેર કરી એટલે આ માણસે અચાનક આંચકો આવી ગયો એ આંચકો કદાચ ભૂકંપના આંચકા કરતાં મોટો લાગ્યો.. માણસના જીવનમાં પોતાની રોજી રોટી સામે અચાનક આંચકો આવે એ માનસિકતા છતી કરે છે ખરેખર નન્નેખાનની નાદારી અને સમજદારી વાળા ગધેડા એ બેમાંથી કોણ અવ્વલ નંબરે આવશે ?.. બાળદોસ્તો એ નિર્ણય તમે કરો.. અને જવાબ મને નીચેના માત્ર નંબર ઉપર એસ.એમ.એસ. થી મોકલો એ જ તમારું વાર્તા શીખવાનું પ્રયોજન ગણાશે.

**હંસામૃતવાલમીયા-**
**અમદાવાદ**

# પર્વત ચઢે કે માનવ ?

પર્વત અને માનવીની આ વાત છે. માણસના અડગ નિશ્ચયની અજબ ગજબની વાત..આપણા ગુજરાતના ઉત્તર ભાગમાં વિંધ્યાચલ પર્વતની હારમાળાઓ આવેલી છે.ઉંચા ઉંચા પર્વતો અને ગાઢ જંગલ જાત જાતના ને ભાત ભાતના વૃક્ષો અને વિવિધ પ્રકારના પશુ પંખીઓ ત્યાં વસે.આવા પર્વતીય જંગલ વિસ્તારમાં એક ગામ તેનું નામ હળવદ.તેમાં માનસિંહ નામે એક આદિવાસી રહેતો હતો. તેને એક સુંદર પત્ની હતી અને છ પુત્રો હતા. માનસિંહ શરીરે ખુબ ખડતલ અને મહેનતુ માણસ હતો.

માનસિંહ એક ઉંચા પર્વતની તળેટીમાં પર્વતની બિલકુલ નીચે રહેતો હતો. તેથી તેને ખુબ જ મુશ્કેલીઓ પડતી હતી. કારણ કે પર્વતને કારણે બપોર સુધી સુર્યનો પ્રકાશ તેના છાપરામાં આવતો ન હતો. તેથી છાપરામાં અંધારૂં રહેતું હતું અને હંમેશા ભેજ છવાયેલો રહેતો હતો. તેથી મચ્છરનો ખુબ જ ઉપદ્રવ થતો હતો. નાનાં નાનાં જીવજંતુઓ પણ થતાં. ઠંડકને લીધે કયારેક સાપ વીંછી આવી જતા. ઘણી વખત પર્વત ઉપરથી પથરા ગબડી પડતા તેથી તેના છાપરાંને પણ નુકશાન થતું હતું. તેથી માનસિંહ પર્વત ઉપર ખુબ ખીજાતો. પણ તે બાપદાદાની જમીન અને જુનું ઝુંપડું મુકવા માંગતો ન હતો. પર્વતના કારણે તેની ખેતીમાં પણ નુકશાન થતું હતું. કારણ કે વરસાદના સમયે ઝરણાંઓના વહેણ વધી જતાં તેની ફળદ્રુપ જમીન દર વરસે ધોવાતી જતી હતી. વળી પર્વતની બખોલમાં રહેતાં જંગલી પ્રાણીઓ તેના ઘેટાં બકરાંઓને ઉઠાવી જતાં હતાં. તેથી તેણે એક દિવસે નિર્ણય કર્યો કે હવે હું આ પહાડને રહેવા નહીં દઉં.. પણ પહાડને ખોદવાનું કામ તેના એકલા માટે સહેલું ન હતું. તેથી તેણે ગામમાં જઈ તેના મિત્ર બચુજીને વાત કરી.

'બચુ મારા ઘર પાસે આવેલ આ પહાડથી હું કંટાળી ગયો છું. હું તેને અહીંથી ખસેડવા માગું છું..'

બચુ હસવા લાગ્યો, પછી ધીમે રહીને બોલ્યો, અલ્યા માનસિંગ તું ગાંડો તો નથી થયો ને..પહાડ તો કોઈ દિવસ હટતા હશે..?

તો હું તેને ખોદી કાઢીશ.. માનસિંહે કહ્યું.

આવી મજાક છોડ ને ખેતીનું કામ કર તો બે પૈસા મળશે.. બચુએ કહ્યું.

આથી માનસિંહને એમ લાગ્યું કે તેને મિત્રો કે ગામ લોકોનો સહકાર મળશે નહીં પણ આથી ડરી જાય તો એ માનસિંહ શાનો ? એ તો બીજા દિવસે જ સવારે કોદાળી પાવડો લઈને ઉપડી ગયો અને પર્વતને ખોદવા લાગ્યો.. પર્વત તેને જોઈને હસવા લાગ્યો, અને બોલ્યો..

માનસિંહ આ મહેનત રહેવા દે તારા બાપ દાદા પણ આમ જ રહેતા હતા. કયાં મગતરા જેવડો તું અને કયાં વિશાળકાય હું તારી શું તાકાત કે મને ખોદી કાઢે. પર્વતરાજે અભિમાનથી કહ્યું, પરંતુ માનસિંહે તેની વાત સાંભળી નહીં. એ તો તેનું ખોદવાનું કામ એક નિશ્ચયથી કરવા લાગ્યો. રોજ સવાર પડતાં માનસિંહ પર્વતને ખોદવા ઉપડી પડતો. સાંજ સુધી ખોદતો આમ કરતાં દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા અને વર્ષોના વર્ષો વિતવા લાગ્યાં. આમ કરતાં કરતાં માનસિંહના વાળ ધોળા થઈ ગયા. તે હવે ઘરડો થવા લાગ્યો હતો. તે સાથે તેના હાથ પગ પણ કમજોર થવા લાગ્યા હતા છતાં તે રોજ પર્વતને ખોદવા નિયમિત જતો હતો પરંતુ તેણે જોયું કે તેની છેલ્લી ૩૦ વર્ષની મહેનત છતાં પહાડનો એક ખુણાનો માત્ર થોડો જ ભાગ ખોદાયો હતો. અને તેમાં તેની આખી જીંદગી ચાલી ગઈ હતી. છતાં પણ પોતાના નિશ્ચય પર અડગ રહ્યો હતો. તેણે એક દિવસ તેના છ પુત્રોને બોલાવીને કહ્યું,:

'દિકરાઓ હવે હું વૃદ્ધ થયો છું અને તમે જુવાન થયા છો. પિતાનું અધુરૂં કાર્ય પુરૂં કરવું એ પુત્રની ફરજ છે.' હાં બાપુ અમે તે જાણીએ છીએ પણ અમારે શું કરવાનું છે તે અમને કહો.. છએ પુત્રોએ એકી અવાજે કહ્યું.

'તો સાંભળો, આ પહાડને અહીંથી હઠાવવાનો મેં નિશ્ચય કર્યો છે તે માટે મેં મારી આખી જીંદગી ખર્ચી નાખી તે છતાં તે પહાડ ફકત આટલો જ તુટયો છે. જો કે હું તો એકલો હતો તેથી તેને ખોદી શકયો નહીં. પણ તમે તો છ જણા છો. તમે જરૂરથી તેને ખોદી કાઢશો તેવી મને શ્રદ્ધા છે..' માનસિંહે કહ્યું.

'હાં બાપુ અમે આ પર્વતને જરૂરથી ખોદી કાઢીશું.. બધા પુત્રો એકસાથે બોલ્યા.

'તો પછી રાહ કોની જુઓ છો, આ રહ્યા પાવડા, કોદાળીઓ માનસિંહે નવા બનાવી લાવેલા છ કોદાળી પાવડા બતાવતાં કહ્યું,

તેના પુત્રો આજોઈ ખુશ થયા. તેમણે બાપુનો બોલ ઝીલી લીધો અને નવા કોદાળી પાવડા લઈ પર્વત ખોદવા ઉપડી પડયા.

દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા, કોદાળી માનસિંહના છ પુત્ર રોજને રોજ પર્વતમાં વધુને વધુ ગાબડાં પડવા લાગ્યા. આથી પર્વતરાજ ગભરાયો તે તો ગયો ભગવાન પાસે. ભગવાન રાજ સિંહાસન પર બિરાજમાન હતા. પર્વતરાજે જઈ કહ્યું,

'પ્રભુ.. પ્રભુ.. મને બચાવો..'

શું થયું પર્વતરાજ ? આમ ગભરાયેલા કેમ લાગો છો ? ભગવાને સ્મીત કરીને. કહ્યું.

પ્રભુ ! મારો નાશ થઈ રહ્યો છે મને બચાવી લો પ્રભુ.. પર્વતરાજે કહ્યું.

શું કહો છો પર્વતરાજ ? તમારો નાશ ? એ વળી કોણ કરી શકે ? ભગવાને પુછયું.

મહારાજ મારી જ તળેટીમાં રહેતો પેલો માનસિંહ ભીલ અને તેના છ છોકરાઓ પર્વતરાજે કહ્યું.

એમ એ માનવી તમારો નાશ કરવા મથે છે પણ એમાં એટલા બધા ગભરાવાની કોઈ વાત નથી. બે ચાર દિવસમાં થાકીને બધું મુકી દેશે.. ભગવાને કહ્યું.

ના પ્રભુ એ એવો નથી પહેલાં તો મેં પણ એમ જ માગ્યું હતું

પરંતુ તે નિશ્ચયના ખુબ જ પાકો છે. છેલ્લા ૩૦ વર્ષથી એ એકલો મને ખોદવા મથતો હતો પણ હવે તો તેના છ પુત્રો પણ તેની સાથમાં છે.. પોતાની સમસ્યા દર્શાવતાં પર્વતરાજે કહ્યું.

એમ ? તો તો પર્વતરાજ એમાં મારાથી કાંઈ થઈ શકે તેમ નથી. કારણ કે માનવીના દ્રઢ નિશ્ચય પાસે તો પહાડને પણ નમવું પડે છે.

ભગવાનની આ વાત સાંભળીને પર્વતરાજ સ્તબ્ધ થઈ ગયા. આ શું માનવીનો નિશ્ચય પર્વત કરતાં પણ મોટો ?

**-નટવર હેડાઉ**

## હારીજ માર્કેટ યાર્ડમાં ખરીફ પાકોની આવક છતાં મંદીનો માહોલ

હારીજ

૮ નવેમ્બરના રોજ ભારતમાં રૂા. ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ સરકારે પાછી ખેંચી લેતા અર્થતંત્ર પર ટુંકાગાળાની મોટી અસરો પડી છે.વેપાર- વાણિજ્યમાં ફરતો રૂપિયો અટકી ગયો છે. ત્યારે હારીજ એપીએમસીમાં અત્યારે ખરીફ પાકોની આવકો મોટા પ્રમાણમાં થઈ રહી છે. પરંતુ યોગ્ય ભાવ નહિં મળતા વેપારીઓમાં નિરાશા વ્યાપી છે.

નોટબંધી અને જીએસટી પહેલા હારીજ ગંજ બજારની પેઢીઓમાં માલનો ભરાવો થતો હતો અને એકાએક નોટબંધી જાહેર થતાં અનેક મુશ્કેલીઓ પડી હતી અને માલનો ઉપાડ પણ ઓછો થતો હતો.

કાલા કપાસ, રૂ, અડદ, એંરડા, કઠોળ જેવી આવકનું પ્રમાણ વિશેષ છે. પણ ભાવ મળતા નથી.

એક વેપારીએ હૈયાવરાળ ઠાલવતા કહ્યું હતું કે આ વખતે ૫૦ ટકા ઓછા ધંધા છે. મંદી હજુ એક બે વર્ષ ચાલે તેવું જણાય છે.

## પાટણ જિલ્લામાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વધુ મતદાન માટેનો સંદેશ અપાશે

પાટણ

પાટણ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં મતદાતાઓ વધુમાં વધુ મતદાન માટે પ્રેરિત કરવાના આશયથી જિલ્લા ચૂંટણીતંત્ર, પાટણ દ્વારા સ્વીપ કાર્યક્રમને ગતિશીલ બનાવવા માટે પ્રયાસો હાથ ધરાયા છે. આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોમાં જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રકારના ભવાઈ, નાટક, મોબફલેશ, નિબંધ/કવીઝ સ્પર્ધાઓ, મશાલ રેલી, બાઈક રેલી જેવા મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજવા માટે તાલુકા કક્ષાના નોડલ અધિકારીઓ તથા એમ્બેસેડર્સની બેઠક યોજવામાં આવી હતી, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી પાટણની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાઠંબા પોલીસે લાયસન્સ વિનાની બંદૂક ઝડપી : બે જણાની અટકાયત

મોડાસા

બાયડ તાલુકાની સાઠંબા પોલીસે રાત્રે પેટ્રોલીંગ દરમ્યાન એક મોટરસાયકલ સવાર પાસેથી દેશી બનાવટની બંદૂક ઝડપી હતી.આ અંગે સાઠંબા પોલીસના જણાવ્યા મુજબ તા.૭/૧૧/૨૦૧૭ ના રોજ રાત્રી દરમ્યાનસાઠંબા પાસેથી ઓઢા ગામની સીમમાં પેટ્રોલીંગ કરતા હતા. ત્યારે બાઈક સવાર પાસેથી દેશી બનાવટની બંદૂક, ગનપાવડર, દારૂગોળો, છરી મળી રૂા.૧૨૨૪૫ નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. સાઠુબા પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહે ભલાભાઈ ગલાભાઈ બારીયા, મંગળભાઈ બારીયા (રહે.ભારપુર) વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ ચલાવેલ છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | જીરુ | ૨૫૦૦-૩૫૬૦ |
| એરંડા | ૮૪૫-૮૫૩ | મઠ | ૬૦૦-૬૫૦ |
| રાયડો | ૬૭૦-૬૭૪ | મેથી | ૪૮૦-૫૦૪ |
| ઘઉં | ૩૧૧-૩૩૬ | અજમો | ૧૧૮૬-૧૩૭૭ |
| બાજરી | ૨૫૦-૨૯૪ | | રાહ |
| રાજગરો | ૭૨૧-૭૭૫ | રાયડો | ૬૮૦-૬૯૦ |
| મગફળી | ૬૫૦-૮૧૧ | એરંડા | ૮૪૦-૮૫૦ |
| | પાલનપુર | રજકાબાજરી | ૩૧૦-૩૩૫ |
| એરંડા | ૮૪૦-૮૫૨ | ચીકુડી | ૭૫૦-૭૭૦ |
| ઘઉં | ૩૧૯-૩૪૨ | | વડગામ |
| બાજરી | ૨૧૦-૨૬૨ | બાજરી | ૨૨૧-૨૩૧ |
| મગફળી | ૬૦૦-૮૩૦ | એરંડા | ૮૫૨ |
| અડદ | ૬૮૧-૭૫૧ | રાયડો | ૬૬૨ |
| રાજગરો | ૭૪૦-૮૨૯ | મગફળી | ૭૦૫-૭૦૯ |
| રાયડો | ૬૫૨-૬૬૨ | ગવાર | ૬૦૦ |
| | લાખણી | | થરા |
| રાયડો | ૬૬૦-૬૭૭ | જીરૂ | ૩૦૦૦-૩૫૩૫ |
| રજકો | ૧૭૫૧ | એરંડા | ૮૪૫-૮૫૫ |
| ર.બાજરી | ૨૮૧-૩૨૬ | રાયડો | ૬૬૫-૬૮૦ |
| રજકો | ૨૦૦૦-૨૨૧૦ | ગવાર | ૬૪૦-૬૬૬ |
| ચીકુડી | ૭૧૧-૭૫૦ | ઘઉં | ૩૦૮-૩૩૨ |
| ગવાર | ૬૪૦-૬૬૬ | બાજરી | ૨૪૦-૨૬૨ |
| એરંડા | ૮૫૧ | મગ | ૯૧૦-૧૦૬૧ |
| મગફળી | ૭૦૦-૮૪૦ | બંટી | ૩૨૬-૩૩૫ |
| કપાસ | ૬૫૦-૮૭૫ | તલ | ૧૨૫૦-૧૩૦૦ |
| | ધાનેરા | અડદ | ૭૩૬-૭૮૫ |
| ઘઉં | ૩૧૬-૩૬૧ | મગફળી | ૯૦૦ |
| બાજરી | ૨૪૦-૨૮૦ | | પાટણ |
| મગ | ૭૫૧-૯૧૧ | જીરૂ | ૨૨૦૦-૩૪૦૭ |
| ચોળા | ૫૫૧-૬૮૦ | એરંડા | ૮૧૫-૮૫૮ |
| સુવા | ૭૯૮-૮૦૦ | વરી. | ૮૦૦-૧૨૪૨ |
| ગવાર | ૬૨૪-૬૮૦ | મેથી | ૩૦૦-૪૫૦ |
| બીજડા | ૧૦૬૧-૧૨૦૦ | સુવા | ૭૦૦-૮૪૫ |
| રજકો | ૧૮૯૧ | તલ | ૧૨૦૦-૧૪૭૦ |
| મેથી | ૫૩૮ | મગફળી | ૬૫૦-૭૫૭ |
| ચીકુડી | ૭૩૫-૭૮૫ | અજમો | ૪૦૦-૫૫૧ |
| મગફળી | ૬૫૦-૬૮૫ | રાયડો | ૬૦૦-૬૮૯ |
| રાયડો | ૬૫૦-૬૮૫ | અજમો | ૪૫૧-૯૦૦ |
| એરંડા | ૮૧૧-૮૫૬ | ગવાર | ૬૩૨-૬૮૩ |
| ઈસ. | ૧૭૦૦-૧૮૧૦ | ઘઉં | ૩૦૫-૩૬૯ |
| જીરૂ | ૩૩૪૧-૩૩૭૧ | બાજરી | ૨૩૦-૨૮૨ |
| રાજગરો | ૭૨૫ | બંટી | ૩૦૫-૩૩૫ |
| તલ | ૧૧૦૦-૧૪૦૦ | મગ | ૫૬૦-૫૭૬ |
| સુવા | ૭૮૯-૮૦૦ | અડદ | ૬૮૦-૯૦૦ |
| વરી. | ૮૧૫-૮૭૦ | કપાસ | ૮૭૦-૯૩૩ |
| અજમો | ૫૦૦-૬૯૦ | | સિદ્ધપુર |
| રજકો | ૧૮૯૧ | રાયડો | ૬૧૯-૬૯૩ |
| અન્ય | ૬૪૦-૭૨૬ | એરંડા | ૮૩૦-૮૫૭ |
| | થરાદ | અડદ | ૫૩૦-૮૪૬ |
| રાયડો | ૬૮૩-૭૧૧ | મગ | ૫૦૦-૭૭૦ |
| એરંડા | ૮૫૦-૮૫૬ | ગવાર | ૬૬૮-૬૮૦ |
| મગફળી | ૬૦૦-૭૭૧ | ઘઉં | ૩૨૧-૩૭૩ |
| મગ | ૬૦૦-૯૫૦ | બાજરી | ૨૨૦-૨૮૫ |
| ગવાર | ૬૧૧-૬૯૧ | જવ | ૨૮૦-૩૦૦ |
| તલ | ૧૧૮૬-૧૩૭૭ | કપાસ | ૮૨૦-૯૩૯ |

## ભાજપના એક ચક્રીશાસનને પડકારવા એડીચોટીનું જોર લગાવતી કોંગ્રેસ

**પાટણ અને મહેસાણા જિલ્લામાં વિધાનસભાની તમામ બેઠકો માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની આખરી પસંદગી માટે હાલમાં કવાયત ચાલી રહી છે. બંને જિલ્લામાં ઉમેદવારોની પ્રતિક્ષા યાદી ઘણી મોટી છે. પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા આ વખતે સ્વચ્છ પ્રતિભા ધરાવતા, પક્ષને વફાદાર જેવા મુદ્દાઓને ધ્યાને લઈ તમામ બેઠકો ઉપર ઉમેદવારોની પસંદગીમાં પક્ષ આગળ વધી રહ્યો છે. તેવા સંજોગોમાં ઉમેદવારની પસંદગી ગમે તેની થાય પરંતુ પક્ષની સફળતા માટે જૂથવાદને બાજુ પર રાખી વિજય માટે કામે લાગી જાય તેવું સ્થાનિક મતદારો ઈચ્છી રહ્યા છે.**

ચાણસ્મા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રગટ થઈ ચુક્યું છે. બંને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા સત્તા મેળવવા માટે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મુખ્ય બે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ થઈ ચુક્યા છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપના એકચક્રી શાસનનો અંત લાવવા કોંગ્રેસે આ વખતે એડીચોટીનું જોર લગાવ્યું છે. રાજ્યમાં વિવિધ સમાજના આંદોલનના પગલે આ વખત મતદારોનો ઝોક સત્તા પરિવર્તન તરફ હોય તેવું ઉભરી આવ્યું છે.

ગત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં પાટણ અને મહેસાણા જિલ્લા પંચાયત તેમજ આ જિલ્લાની બંને મોટી નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષે ભારે બહુમતી સાથે વિજય પતાકા લહેરાવી હતી અને પાર્ટી પોલીસી મુજબ પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ સહિત કારોબારીની રચના સર્વાનુમતે કરી દેવામાં આવી હતી. પરંતુ થોડા સમય બાદ બંને જિલ્લામાં હાલના સદસ્યો દ્વારા પક્ષની ઉપરવટ જઈ તાલુકા/ જિલ્લા પંચાયતો તોડવા તેમજ નગરપાલિકાઓમાં ખુદ શાસક પક્ષના સદસ્યો દ્વારા અસંતોષ ઉભો કરી જુદા જુદા તબક્કે વર્તમાન હોદ્દેદારોને દુર કરવા અવિશ્વાસની દરખાસ્ત લખવામાં આવી હતી અને સત્તા ભૂખ્યા શાસક પક્ષના કેટલાક સદસ્યોએ હોદ્દા મેળવવા મતદારો સાથે દગો કર્યો હતો. પરિણામે બંને જિલ્લાના મતદારોમાં પક્ષ વિરોધી કરવા સામે હોદ્દેદારો સામે રોષની લાગણી ફેલાઈ હતી અને પ્રમુખ તથા કારોબારી અધ્યક્ષ સહિત કેટલાક હોદ્દેદારોને ટર્મ પૂરી થાય તે પહેલાં દૂર કરવા અસંતુષ્ટોને સફળતા મળી હતી. જેની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં જિલ્લા અને પ્રદેશ કક્ષાના કોંગ્રેસના આગેવાનો નાકામિયાબ પુરવાર થયા હતા. અંદરના ખટરાગને કારણે બહુમતી હોવા છતાં વિકાસના કામોમાં સત્તાધારી પક્ષને ધારી સફળતા મળી ન હતી. પરંતુ હવે છેલ્લે સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસ માટે વિજયની ઉજળી તકો ઉભી થઈ છે. ત્યારે તમામ મતભેદો ભૂલી સદસ્યોએ મતદારોનો ગુમાવેલો વિશ્વાસ ફરીથી સંપાદન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. કેટલાક અસંતુષ્ટો સામે પાર્ટી દ્વારા સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ હાલના તબક્કે ભૂલ ક્ષમા કરી ફરી એક વખત વિધાનસભાની ચૂંટણીને કોંગ્રેસને વિજય અપાવવા સ્થાનિક મતભેદો ભૂલી કોંગ્રેસ પક્ષે એકતા બતાવવાનો સમય હવે પાકી ગયો છે. છેલ્લા ૨૨ વર્ષથી સત્તાથી વિમુખ કોંગ્રેસના આગેવાનોએ આમાંથી શબક લેવાની જરૂર છે. મતદારોનો ઝોક કોંગ્રેસ તરફે છે, પરંતુ તેનો લાભ લેવામાં કોંગ્રેસના સ્થાનિક કાર્યકરો, પદાધિકારીઓ ભવિષ્યમાં કોઈ રણનીતિ પર આગળ વધે છે તેના પર નિર્ભર છે.

## ચૂંટણીલક્ષી ખર્ચનું નિરંતર અને નિયમિત મોનીટરીંગ કરવાનો અનુરોધ

પાટણ

પાટણ જિલ્લામાં વિધાનસભા ચૂંટણી માટે રાજકીય પક્ષો માટે કરાનારા ચૂંટણીલક્ષી ખર્ચનું નિયમિત અને નિરંતર મોનિટરિંગ કરી ચૂંટણીપંચ દ્વારા અમલી બનાવાયેલા પ્રત્યેક પ્રાવધાનનુ; અસરકારક અનુસરણ કરવાનો નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજગુરુએ યોજાયેલી બેઠકમાં અનુરોધ કર્યો હતો. ચૂંટણીની જાહેરાત અને તારીખથી બેંકો અને પોસ્ટમાં નોંધાયેલી શંકાસ્પદ લેવડદેવડ અંગેની જાણ નોડલ અધિકારી અને આવકવેરા અધિકારીને મોકલી આપવા જણાવ્યું હતું. ચૂંટણી દરમિયાન બેંકો અને પોસ્ટમાંથી એક લાખથી વધારે રકમ ઉપાડવા કે જમા કરાવવા બાબતોની ચકાસણી કરવા પણ જણાવાયું હતું. બેઠકમાં લીડ બેંકના મેનેજર સહિત ખર્ચના નિરીક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર તાલુકાના ગોતરકા હાઈસ્કૂલનાં શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



રાધનપુર

**કમલ ચક્રવર્તી** રાધનપુર તાલુકાના ગોતરકાની હાઈસ્કૂલનાં શિક્ષક લખમણજી એસ.ઠાકોર વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહયોજાયો હતો,જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન લવિંગજી સોલંકી, ગોતરકા બ્રહ્મચારી આશ્રમના મહંત પૂજ્ય નિજાનંદ બાપુ, સ્વામીજીની જગ્યાના ગાદીપતિ પૂજ્ય સ્વામીજી મહારાજ જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ,ક્ષત્રિય ઠાકોર સમાજછાત્રાલયના પ્રમુખ માવજીભાઈ રાઠોડ,સાંકાજી ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં લખમણજી ઠાકોરનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું,અને તેમના ભાવિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## પાટણ જિલ્લો નંદનવન બનશે, લોકહિતના કામો કરવાનું ઉત્તમ માધ્યમ ભાજપ છે - રાજપૂત

પાટણ

પાટણ જિલ્લાના મોટા રામણદા ગામે જાહેર સભાને સંબોધતા બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, સમગ્ર ગામના લોકોએ ઘોડા પર બેસાડી, ફુલહાર પહેરાવી, સાલ ઓઢાડીને તલવાર ભેટ આપી મારું સન્માન કર્યુ છે તેનાથી હું ગદગદ થયો છું હું સમગ્ર ગામનો દિલથી આભાર માનું છું. રાજ્ય સરકારે બલવંતસિંહ રાજપુતને જીઆઈડીસીના ચેરમેન નિયુક્ત કર્યા તે બદલ રામણદા ખાતે સમગ્ર ગ્રામજનોએ સન્માન કાર્યક્રમ યોજ્યો હતો. સન્માનના પ્રત્યુતરમાં બલવંતસિંહે જણાવ્યું કે, પાટણ જિલ્લો મારૂ ઘર છે. ઔદ્યોગિક વિકાસ થકી હું સમગ્ર જિલ્લાને નંદનવન બનાવીશ પરંતુ મારે આજે એ વાત કરવી છે કે લોકહિતના કામો કરવા હોય તો તે માટેનું ઉત્તમ માધ્યમ ભારતીય જનતા પાર્ટી છે. ભાજપ સરકારે છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં વિકાસની હરણફાળ ભરી છે. ગુજરાત એન વિકાસ એકમેકના પર્યાય બની ગયા છે. ૨૪ કલાક મળતી થ્રી ફેઝ વિજળી સમગ્ર દેશ માટે ઉત્તમ




નમૂનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વિકાસજ બધી સમસ્યાઓનું સમાધાન છે અને તેના થકી જ સામાન્ય માનવીની જિંદગીમાં બદલાવ આવશે.

આ પ્રસંગે ઉપસ્થિતિ અતિથિ વિશેષ સંસદીય સચિવ અને ધારાસભ્ય રણછોડભાઈ રબારીએ પાટણ વિધાનસભા વિસ્તારમાં કરેલ રોડ, રસ્તા તેમજ અન્ય વિકાસ કામોની યાદ અપાવી હતી. તેમજ અધ્યક્ષસ્થાનેથી કમલીવાડા ગામના વાઘુભા ભુવાજીએ બલવંતસિંહ રાજપુતને સમાજના ઘરેણાંની ઉપમા આવી ઉપસ્થિત સર્વે ગ્રામજનોને આશિર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ, દાદુભા સોલંકી, રાજપુત સમાજના યુવા પ્રમુખ મુકેશસિંહ, સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, તાલુકા ભાજપ પ્રમુખ સ્નેહલ પટેલ, દશરથસિંહ રાજપુત (ધનાવાડા), ભાવેશ દેસાઈ, શિવાજી રાજપુત સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમનું સરપંચ રતનસિંહ રાજપુત, ઉદાભા, ભીખાજી, નારાયણજી, પ્રહલાદજી, શંકરજી, ચમનજી, નાગજીજી, સેધાજી, ચંદનજી, ગલાબજી રાજપ-ુત વગેરે ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

## રાધનપુર કોલેજના વિદ્યાર્થીઓની આંતર યુનીવર્સીટી કક્ષાએ પસંદગી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરની હિમત વિદ્યાનગર સ્થિત આર્ટસ કોમર્સ કોલેજના વિદ્યાર્થી કૃપાલી પી. સોની( ૫૦ કી.મી.), પૂજાબેન જે.જોશી ( ૨૦ કી.મી. ), જીતેન્દ્ર બી.ડાભી (૩૦ કી. મી.), કલ્પેશ જે.ચૌધરી (૧૦૦ કી. મી.) અને મયુર જે.સાધુ (૫૦ કી.મી.) રોડ સાઈકલિંગ સ્પર્ધામાં આંતરયુનીવર્સીટી કક્ષાએ પસંદગી પામેલ છે,જેમાં પાંચ વિદ્યાર્થીઓ નેશનલ કક્ષાએ ભાગ લેશે.વિદ્યાર્થીઓને પ્રેરણા આપનાર પ્રિન્સિપાલ ડો.સી. એમ.ઠક્કર તથા માર્ગદર્શક જી.આઈ.દેસાઈ તેમજ કોચ દિગ્વિજયસિંહ સોલંકી અને ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશભાઈ મૂલાણી ,રાયચંદભાઈ ઠક્કર, ધીરુભાઈ ઠકકર અને ડો.નવીનભાઈ ઠક્કરે બિરદાવ્યા હતા.

## રાધનપુરમાં નીલકંઠ સોસાયટીમાં રોડના કામમાં ગેરરીતિના આક્ષેપો

રાધનપુર

રાધનપુર શહેરમાં પાલિકા દ્વારા તમામ વિસ્તારોમાં પાક રસ્તા બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે,મસળી રોડ ઉપર આવેલી નિકલકંઠ સોસાયટીમાં પણ આર.સી.સી. રોડ બનાવવામાં આવ્યો છે, પરંતુ સોસાયટીના રહીશોએ રહીશોએ પાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરીને નીતિ-નિયમોનું ઉલ્લંઘન થઇ રહ્યું હોવાનું જણાવ્યું છે,વર્ક પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા થયેલ નથી અને પૂરતા પ્રમાણમાં લોખંડ પણ વાપરવામાં આવ્યું નથી,સિમેન્ટ,રેતી અને કપચીના માલમાં પણ યોગ્યતા પ્રમાણે માલ નંખાતો ના હોવાનું પણ જણાવ્યું છે,કોન્ટ્રાક્ટરને મૌખિક રજુઆત કરતા આવું જ કામ થશે તેવો જવાબ આપવામાં આવ્યો હતો,

આ કામગીરીની તટસ્થતાથી તપાસ કરવા પણ જણાવ્યું છે, મહીપતરામ જોશી, રજનીકાંત સોલંકી,નટુભાઈ ઠક્કર, દિનકરભાઈ ખોરસમાં સહીત ૧૨ રહીશોએ લેખિતમાં રજુઆત કરી છે.

### સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરી ખાતે મીડીયા સેન્ટર કાર્યરત

## મીડીયા સેન્ટરની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી



સતીષ ભટ્ટ

સાબરકાંઠા

વિધાનસભા સમાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજાનાર છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના રાજકીય ગતિવિધીઓની પળે પળની ખબર મળી રહે અને સાબરકાંઠા જિલ્લાની અગાઉની ચૂંટણીનો રાજકીય ઈતિહાસની વિગતોથી સજ્જ મીડીયા સેન્ટરને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપ જિલ્લા માહિતી કચેરી ખાતેથી ખુલ્લુ મુક્યુ હતું.

જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત મીડિયા કન્ટ્રોલીગ એન્ડ મોનીટરીંગ તેમજ ઈલેકટ્રોનીક મીડિયા મોનીટરીગ સેન્ટરમાં કાર્યરત કરાયું છે.

જેમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડિયામાં પ્રસિધ્ધ થતાં સમાચાર સહિતનું મોનીટરીંગ કરવા મીડિયા પ્રામાણિકરણ અને નિયંત્રણની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાના સમાચારો અને જાહેર ખબર તથા પેઈડ ન્યૂઝનું મોનીટરીંગ કરશે. જ્યાં સતત કર્મચારીઓ દ્વારા ઈલેકટ્રોનિક મીડિયામાં આવતી ચૂંટણીલક્ષી ખબરો પર નજર રાખશે.

## વડાલી તાલુકામાં બોગસ તબીબોનો રાફડો

પ્રતિનિધિ વડાલી

વડાલી તાલુકાના વાડોઠ, બાલસર, હઠોજ, મહોર, વાસણ, ગામપુર, વેડા, કળોસણી જેવા ગરીબો સાથે ઊંટ વૈદ્યો ખુલ્લેઆમ ગામડાઓના ગરીબો સાથે આરોગ્ય બાબતે ચેડા કરી રહ્યા છે. છતાં આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી એકપણ બોગસ તબીબ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આરોગ્ય વિભાગ દ્વારા આવા બોગસ તબીબો પાસેથી મોટા હપ્તા લેવાતા હોવાનું આધારભુત સુત્રો દ્વારા જાણવા મળે છે. અધિકધારીઓ ૧ થી ૫ તારીખે ગામડે ગામડે ફરી ખુલ્લેઆમ હપ્તા ઉઘરાવતા હોવાનું ગ્રામજનો દ્વારા જાણવા મળે છે. આવા તબીબો ખુલ્લેઆમ મોટર સાયકલ તથા ફોર વીલર ગાડીઓ તેમજ ગામમાં મોટા બોર્ડ લગાવી આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. હાઈ પાવરની દવાઓ ગરીબ પ્રજાને આપવામાં આવે છે. ઈંજેક્શનના રૂા. ૧૦૦ બોટલના ૨૦૦ રૂપિયા લઈ ખુલ્લેઆમ લુટ ચલાવામાં આવી રહી છે. વડાલી તાલુકાના મોટાભાગના પ્રજાપતિ, વણજારા કોમના છે. જેઓ પહેલા જેઓ પહેલા કોઈ એમબીબીએસ ડૉક્ટરને ત્યાં કંમ્પાઉન્ડર તરીકે રહીને ગામડાઓમાં દવાખાનું ખોલી નાંખતા હોય છે. મોટી બિમારીવાળા દર્દીઓને બહારગામ મોકલી દે છે. બાકીના દર્દીઓને છડેચોક લૂંટી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ઈમાનદાર કોઈ અધિકારી દ્વારા આવા ડૉક્ટરો (ઊંટ વૈદો) ની સામે કાર્યવાહી કરવામાં આવે તો આ ઉંટ વૈધોનો વેપલો બંધ થાય તેમ છે. ગામના સરપંચે જાગૃતતા દાખવી આવા ઊંટ વૈધોને ગામની બહાર ધકેલી દેવામાં આવે તેવી જનતામાં બુમરાડ ઉઠવા પામી છે.

## મહેસાણા જિલ્લામાં મતદાન જાગૃતિ માટે જાગૃતિ રથનું પ્રસ્થાન કરાયું

(હિં.સ.) મહેસાણા

મહેસાણા જિલ્લા નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ મતદાર જાગૃતિ અભિયાન રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. સાત વિધાનસભાઓમાં ફરી મતદારોને મતદાન અને મતદાન પ્રક્રિયા બાબતે જાગૃતિનું કામ કરશે

તેમણે જણાવ્યું કે મતદારો દ્વારા વધુ મતદાન થાય તે હેતુથી આ જાગૃતિ રથનું આયોજન કરાયું છે. આ રથ જાહેર સ્થળો તેમજ અવર-જવર વધુ હોય તેવા વિસ્તારોમાં ફરી લોકોને મતદાન જાગૃતિનું કામ કરશે.તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં પ્રથમ વાર વીવીપીએટીનો ઉપયોગ થઈ રહ્યો છે જેથી લોકોમાં વીવીપેટ વિશે સમજણ અને જાગૃતિ આવે તે માટે સ્થળ પર નિર્દશન પણ કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યું કે આગામી ૧૪ ડિસેમ્બરે યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને વધુ મતદાન થાય એ માટે જાગૃતિ અભિયાન હાથ ધરાયું છે.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું કે મતદાન જાગૃતિ રથ મતદાર,શાળા, કોલેજોમાં વિદ્યાર્થીઓને શપથ લેવડાવશે તેમજ સંકલ્પ પત્રોનુંવિતરણ કરશે. વિદ્યાર્થીઓ દ્વારા એમના વાલીઓ પાસેથી અચૂક મતદાન કરવા માટેના સંકલ્પ પત્રો પણ ભરાવાનું આયોજન કરાયું છે.

જે ૦૮ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી જિલ્લાના વિવિધ ગ્રામ્ય,શહેરી વિસ્તારોમાં ફરશે.

લોભ, લાલચ કે ભયમાં આવ્યા વિના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને વધુને વધુ મતદાન થાય એ માટે મતદારોને જાગૃત કરવા પ્રયાસ કરાશે અને અચૂક મતદાન કરવા માટે અપીલ કરાશે.